Website : www.rakhewaldaily.com    Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૪૪
તા.૨૯-૦૬-૨૦૧૮, શુક્રવાર
સંવત ૨૦૭૪ જેઠ વદ - ૦૧
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૭  સૂર્યાસ્ત : ૦૭:૨૯

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૪.૪ | વડોદરા | ૩૫.૬ |
| અમદાવાદ | ૩૮.૫ | સુરત | ૩૨.૮ |
| ગાંધીનગર | ૩૭.૮ | નલિયા | ૩૫.૪ |

ચાંદી : ૪૦,૨૦૦  સોનું : ૩૧,૬૦૦

P.R.No. GBK/06/2018-20  RNI No 20508/71  Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ  પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭  જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# ઉત્તર ગુજરાતમાં ૪૮ કલાકમાં ભારે વરસાદની આગાહી

## વિચાર વૈભવ...

### ગંભીર પુરુષત્વ

કોઈ પણ પ્રજાનો પુરુષ સમાજ ગંભીર હોય તે જરૂરી છે. એનામાં જેટલી ચંચળતા વધે એટલુ સમાજનું પતન નિશ્ચિત છે. આપણે ત્યાં મહદ્અંશે માતાના હાથે તૈયાર થયેલા સંતાનો શાળામાં આવતા જોવા મળે છે. જેમાં ગંભીરતાનું તત્વ ઈતિહાસમાં પહેલીવાર ઓછું પડી રહ્યું છે. પિતાની છત્રછાયામાં તૈયાર ન થતી પેઢી પુરુષ તરીકેના કેટલાક એવા ગુણોથી વંચિત રહી જાય છે જે જીવનને એના અખિલ સ્વરૂપમાં પ્રાપ્ત કરતી વેળાએ પાછી પડે છે. પુરુષોમાં ગંભીરતા એ એનો પાયાનો ગુણ છે, એને અનુસરીને જ ખડતલપણુ, વીરતા, સાહસિકતા, સ્પષ્ટતા, પરાક્રમ, સહનશીલતા, આક્રમકતા, ધીરજ અને વિચક્ષણ વ્યૂહરચના સમાજ મનોરંજન પ્રિય, સ્ત્રીઓ પ્રત્યે અધિક અનુરાગી કે માતા- પિતાના ધનનો તથા સંપત્તિના વારસાનો આકાંક્ષી બની જશે તો એવા સમાજનું પતન નિશ્ચિત છે. ગુ-જરાતી પ્રજાએ એની નવી પેઢીને તૈયાર કરતી વખતે આ બધી બાબતો પરત્વે સખત કાળજી રાખવાની જરૂર સાંપ્રત સમયમાં દેખાઈ રહી છે.

- ગિજુભાઈ ભરાડ

## સાર સમાચાર...

### મહાપુરુષોના નામ પર રાજનીતિ થઇ રહી છે : મોદી

મગહર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સંત કબીરના બહાને રાજકીય વિરોધીઓ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. સંત કબીરની ૫૦૦મી પુણ્યતિથિ ઉપર તેમના નિર્માણ સ્થળ મગહરમાં વડાપ્રધાન મોદીએ મહાપુરૂષોના નામ ઉપર રાજનીતિ, પરિવારવાદ અને ભાઈ-ભત્રીજાવાદ પર પ્રહારો કર્યા હતા અને ઈમરજન્સીના બહાને કોંગ્રેસ અને જનતા પરિવારના હિસ્સા રહી ચુકેલી પાર્ટીઓના ગઠબંધનને સત્તાના લાલચ તરીકે ગણાવીને ઝાટકણી કાઢી હતી. મોદીએ કહ્યું હતું કે, મહાપુરૂષોના નામ ઉપર કમનસીબરીતે રાજનીતિના પ્રવાહ તૈયાર કરવામાં આવી રહ્યા છે જે સમાજને નુકસાન પહોંચાડે છે. માત્ર લડાઈ ઝગડાની રાજનીતિ કરવામાં આવી રહી છે. આ લોકો શાંતિ અને વિકાસના બદલે લડાઈ ઝગડાની રાજનીતિ ઈચ્છે છે. આ પ્રકારના લોકોને લાગે છે કે, જો અશાંતિ રહેશે તો રાજનીતિને ફાયદો મળશે.

## ગતકડું....

- દેવન વ્યાસ



મારા પતિ હવામાન શાસ્ત્રી છે તેઓ જ્યારે વરસાદ નહીં પડે તેવી આગાહી કરશે ત્યારે જ ધોધમાર વરસાદ પડશે ?

## રાજુલામાં ૪ ઇંચથી વધુ વરસાદ ભારે વરસાદના કારણે મોરંગી નદીમાં ઘોડાપુર : રાજકોટ, ભાવનગર સહિતના વિસ્તારોમાં પણ વરસાદ




અમદાવાદ

ચોમાસાની સીઝનની શરૂઆત થઇ ગઇ હોઇ આજે મેઘરાજાએ ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના પંથકોમાં વરસાદની સાર્વત્રિક મહેર વરસાવી હતી. સૌરાષ્ટ્રમાં અમરેલીના રાજુલા, ડુંગર, મોરંગી, માંડલ સહિતના પંથકોમાં આજે બેથી ત્રણ ઈંચ જેટલો ભારે અને તોફાની વરસાદ નોંધાયો હતો. જેના કારણે રાજુલાની મોરંગી નદીમાં તો ઘોડાપૂર આવ્યા હતા. નદીના પૂરના પાણી સમગ્ર વિસ્તારમાં અને આસપાસના ખેતરોમાં ફરી વળ્યા હતા. અમરેલી જિલ્લામાં આજે સવારથી જ વાદળછાયુ વાતાવરણ જોવા મળ્યું હતું. બપોર પછી રાજુલા પંથકમાં અનરાધાર વરસાદ પડવાનું શરૂ થયું હતું. વિજળીના કડાકા-ભડાકા સાથે રાજુલાના ગ્રામ્ય વિસ્તારોમાં કલાકોના ગાળામાં જ ચાર ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો હતો. વરસાદની ધમાકેદાર એન્ટ્રીથી ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. રાજુલાના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે વરસાદના કારણે ખેતરો અને નદી નાળા છલકાઈ ગયા હતા. બીજી બાજુ રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં આજે સવારથી જ વરસાદી માહોલ રહ્યો હતો. વાતાવરણમાં પલટો આવ્યા બાદ રાજકોટ, ઉપલેટા, ભયાવદર, ભાવનગર સહિતના વિસ્તારોમાં ધીમો વરસાદ થયો હતો. ગોંડલ પંથકમાં બપોર બાદ વરસાદી માહોલ જોવા મળ્યો હતો. દરમ્યાન હવામાન ખાતા દ્વારા આગામી ૪૮ કલાકમાં ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, પાટણ સહિતના પંથકોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

### ઘનઘોર માહોલ વચ્ચે ડીસામાં વરસાદની હાથતાળી.....

## બનાસકાંઠામાં વરસાદી માહોલ : વડગામમાં દોઢ, સુઇગામમાં અડધો ઇંચ વરસાદ પડ્યો





ડીસા

બનાસકાંઠા જિલ્લામાં આ વર્ષે મેઘરાજાના આગમનમાં અસહ્ય વિલંબ થતા સકળ સજીવ શ્રુષ્ટિ આકુળવ્યાકુળ થઈ ગઈ છે.જોકે ગત રોજ મેઘરાજાએ ધીમા પગલે બનાસકાંઠાની ધરતી પર પણ પાવન પધરામણી કરી કેટલાક વિસ્તારોમાં અમીછાંટણા કર્યા છે.પરંતુ વેપારી મથક ડીસામાં બપોરે વરસાદના આગમન માટે અનુકૂળ માહોલ જમવા છતાં ધરતીનો ધણી હાથતાળી આપી જતા ડીસાવાસીઓ નિરાશ થયા હતા. ઉત્તર ગુજરાત તરફ આગેકૂચ કરી રહેલા મેઘરાજાએ બુધવારે રાત્રે બનાસકાંઠાના વડગામ વિસ્તાર પર વ્હાલ

અનુસંધાન પાના નં.૬

### બનાસકાંઠામાં ભારે વરસાદની આગાહીના પગલે તંત્ર એલર્ટ

બનાસકાંઠા જિલ્લામાં ૪૮ કલાકમાં ભારે વરસાદની આગાહીના પગલે જિલ્લા કલેક્ટરે અધિકારી - કર્મચારીઓને 'હેડ કવાર્ટર' ન છોડવા પરિપત્ર કર્યો છે. જેથી તંત્ર એલર્ટ બની ગયું છે. રાજ્યભરમાં વરસાદ થયો છે. પરંતુ બનાસકાંઠા જિલ્લો બાકાત રહી ગયો છે. પરંતુ વિલંબ બાદ હવે જિલ્લામાં ૪૮ કલાકમાં ભારે વરસાદ થવાની હવામાન વિભાગે આગાહી કરી છે ત્યારે ગત ૨૦૧૭ના વર્ષમાં અતિ ભારે વરસાદમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ સહિતનું તંત્ર નિષ્ફળ રહેતા વ્યાપક જાનહાનિ અને નુકશાન થયું હતું. જેના ઉપરથી બોધપાઠ લઈને જિલ્લા કલેક્ટર સંદિપ સાંગલેએ પરિપત્ર બહાર પાડી ના.કલેક્ટર, મામલતદારો, ટી.ડી.ઓ., પાલિકા અને ગ્રામ પંચાયતના કર્મચારીઓને હેડ કવાર્ટર ન છોડવાની તાકીદ કરી છે અને સંભવિત પુર જેવી પરિસ્થિતિમાં રેસક્યુ ટીમોને ખડેપગે રહેવા જણાવ્યું છે. જેથી તંત્ર એલર્ટ બની જવા પામ્યું છે.

### ક્યાં કેટલો વરસાદ...?

તા.૨૮/૬/૨૦૧૮
સવારે ૬.૦૦ થી સાંજના ચાર વાગ્યા સુધી

| તાલુકો | વરસાદ |
|---|---|
| વડગામ. | ૨૯ મી.મી. |
| પાલનપુર. | ૦૭ મી.મી. |
| સુઈગામ | ૧૪ મી.મી. |
| ભાભર | ૦૩ મી.મી. |

## મુંબઈમાં ચાર્ટર્ડ વિમાન તૂટી પડ્યું : પાંચ લોકોનાં મોત



મુંબઈ

મુંબઈના ઘાટકોપર વિસ્તારમાં આજે બપોરે એક ચાર્ટર્ડ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઇ ગયું હતું. ભરચક વિસ્તારમાં બનેલી આ ઘટનાથી વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. ઘટનામાં પાંચ લોકોના મોત થઇ ગયા હતા. મૃત્યુ પામનારમાં બે પાયલોટ, બે ફલાઈટ એન્જિનિયરિંગ અને માર્ગ ઉપર કામ કરનાર એક કર્મચારી સામેલ છે. પહેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે, વિમાન ઉત્તર પ્રદેશ સરકારનું હતું. મોડેથી સરકારે આ અહેવાલને રદિયો આપ્યો હતો. ફાયર બ્રિગેડની ટુકડી ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. બચાવ કામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી. ડીજીસીએ દ્વારા પણ મામલામાં તપાસ હાથ ધરવામાં આવી હતી. ઘાટકોપરમાં જાગૃતિ ઈમારતની નજીક નિર્માણ હેઠળ રહેલી એક ઈમારત પર ચાર્ટર્ડ વિમાન તુટી પડ્યું હતું. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, વીટી-યુપી ઝેડ વિમાન વર્ષ ૨૦૧૪ સુધી યુપી સરકારનું વિમાન હતું. મોડેથી યુપી સરકારે આને યુવાય એવિએશનને વેચી દીધું હતું. આ વિમાનમાં કેટલા લોકો હતા તે સંદર્ભમાં શરૂઆતમાં માહિતી મળી શકી ન હતી. જો કે, મોડેથી બે પાયલોટ, બે એન્જિનિયર અને એક વ્યક્તિનું મોત થયું હોવાના અહેવાલને સમર્થન મળ્યું હતું. પોલીસે વિગત આપતા કહ્યું હતું કે, ૧૨ સીટનું કિંગએર સી-૯૦ વિમાન જુહુ વિમાની મથકથી રવાના થયું હતું પરંતુ ઘાટકોપરના જાગૃત્તિ નગર વિસ્તારમાં દુર્ઘટનાગ્રસ્ત થઇ ગયું હતું. એક અધિકારીએ કહ્યું હતું કે, ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશનની એક ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ છે.

### એક લાખ ઘેટાં બકરાં શારજાહ નિકાસ કરવાના કેન્દ્રના નિર્ણયનો જીવદયાપ્રેમીઓ વિરોધ કરશે

ડીસા

કેન્દ્ર સરકાર દ્વારા આરબ દેશમાં આવેલ ઘેટાં બકરાંની નિકાસ કરવાનો વિવાસ્પદ નિર્ણય કરાતા દેશભરમાં વિરોધ વંટોળ સર્જાયો છે. કેન્દ્ર સરકાર દ્વારા એક લાખ જેટલા ઘેટા બકરા શારજહા ટ્રાન્સપોર્ટ કરવાનો નિર્ણય કરાયો છે. જેનો દેશ ભરના જીવદયા પ્રેમીઓ દ્વારા વિરોધ થઇ રહ્યો છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાના જીવદયાપ્રેમીઓ દ્વારા આ નિર્ણયના વિરોધમાં ડીસા નાયબ કલેકટરને આવેદન પત્ર આપવામાં આવશે. જે માટે હિન્દુ હિત રક્ષક સમિતિ દ્વારા આ વિરોધ પ્રદર્શન માટે સમર્થન અપાયુ છે. કેન્દ્ર સરકારના નિર્ણયનો ડીસા રાજપુર પાંજરાપોળ દ્વારા જોરદાર વિરોધ કરાયો છે.

## વરસાદે વિરામ લીધા બાદ અમરનાથ યાત્રા ફરી શરૂ

### શ્રદ્ધાળુઓનો કાફલો બાલતાલથી આગળ વધ્યો



શ્રીનગર

અમરનાથ યાત્રાને ભારે વરસાદના કારણે થોડાક કલાકો માટે રોકી દેવામાં આવ્યા બાદ ફરીવાર યાત્રા શરૂ થઇ ગઇ છે. હવામાનમાં સુધારો થતાં તથા વરસાદમાં બ્રેક મુકાતા બાલતાલથી અમરનાથ યાત્રા ફરી શરૂ કરી દેવામાં આવી છે. આગાઉ ભારે વરસાદના લીધે શ્રદ્ધાળુઓને આગળ જતાં રોકી દેવામાં આવ્યા હતા. ગંદરબાલના એસએસપી ફયાઝ અહેમદ લોને માહિતી આપતા કહ્યું છે કે, અમરનાથ યાત્રા ફરી શરૂ થઇ ચુકી છે. અમરનાથ શ્રાઇન બોર્ડ દ્વારા શ્રદ્ધાળુઓને આગળ વધવાની મંજુરી આપવાના નિર્દેશ આપી દીધા છે. આ વખતે સુરક્ષા પાસાને ધ્યાનમાં લઇને એસડીઆરએફ અને એનડીઆરએફની ટીમો પણ શ્રદ્ધાળુઓની સાથે રાખવામાં આવી છે. ૨૯૯૫ શ્રદ્ધાળુઓનો પ્રથમ કાફલો જમ્મુથી રવાના થયો હતો જેમાં ૧૦૯૧ યાત્રી બાલતાલ અને ૧૯૦૪ યાત્રી પહેલગામ સ્થિત બેઝ કેમ્પથી થઇને પવિત્ર ગુફાના દર્શન કરવા પહોંચી રહ્યા છે. બુધવાર રાતથી જ ભારે વરસાદ થયો હતો. વરસાદ વચ્ચે તીર્થયાત્રીઓ નુનવાન પહેલગામ બેઝકેમ્પથી ચંદનવાડી માટે રવાના થયા હતા. જમ્મુના બેઝકેમ્પથી મહિલાઓ, બાળકો અને સંતો સમેત ૩૦૦૦ શ્રદ્ધાળુઓનો કાફલો બુધવારે સાંજે પહેલગામ અને બાલતાલ પહોંચી ગયો હતો.

## સંબંધ લજવાયો : પૈસા વાપરવા ન આપનાર સગા કાકાનું ભત્રીજાએ જ ઢીમ ઢાળી દીધુ

### દાંતીવાડાના ભાખર મોટી ગામની ઘટના : ખુની ભત્રીજો ફરાર

પ્રતિનિધિ  દાંતીવાડા

દાંતીવાડા તાલુકાના ભાખર મોટી ગામની સીમમાં રહેતા જેસલસિંહના ઘરે એમનો કુટુમ્બી ભત્રીજો મહીપતસિંહ ધારીયું લઈ આવી રૂપિયાની માગણી કરતા તેમણે કહેલ કે હાલમાં મારા પાસે રૂપિયા નથી. જેથી ઉશ્કેરાયેલા ભત્રીજાએ હાથમાં રહેલ ધારીયુ કાકાને માથામાં મારી ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્તને પ્રાઈવેટ વાહન મારફતે સરકારી હોસ્પિટલ ડીસા સારવાર અર્થે ખસેડાતા સારવાર દરમ્યાન મોત નીપજતા દાંતીવાડા પોલીસે મૃતકના ભત્રીજા વિરૂધ્ધ હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર ખેતરમાં રહેતા મૃતક જેસલસિંહના ઘરે તેમનો ભત્રીજો મહિપતસિંહ ધારીયુ લઈ આવી કાકા પાસે વાપરવાના પૈસાની માંગણી કરી હતી. જો કે પૈસા ન હોવાથી તેના કાકાએ પૈસા આપવા ના પાડતા ઉશ્કેરાયેલા ભત્રીજાએ હાથમાં રહેલ ધારીયુ કાકાને માથામાં મારતા ઢળી પડ્યા હતા. કુટુંબીજનોએ બુમાબુમ કરતાં ધારીયુ મારી તે ભાગી છુટ્યો હતો. ખાનગી વાહન દ્વારા ઈજાગ્રસ્તને સરકારી હોસ્પિટલ ડીસા ખસેડાયા હતા. જો કે સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ થયું હતું. જેથી ભાખર મોટી ગામમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. જે અંગે મૃતકની પત્નીએ કુટુમ્બી ભત્રીજા વિરૂધ્ધ દાંતીવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે હત્યારાને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા હતા.

### ભાજપ શાસિત પાલિકામાં શિસ્તના ધજીયા

## પાલનપુર પાલિકામાં બાખડેલા ત્રણ કર્મીઓ સસ્પેન્ડ

### પાલિકા પ્રમુખની પણ આમન્યા ન જળવાતાં ભરાયું પગલું

પાલનપુર

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકામાં આજે શિસ્તના ધજીયા ઉડાવતી શર્મસાર ઘટના ઘટી હતી. જેમાં પાલિકા કચેરીમાં ૩ કર્મચારીઓ બાખડી હાથાપાઈ પર ઉતરી આવતા વાતાવરણ ઉત્તેજનાસભર બન્યું હતું. જોકે, આ ૩ કર્મચારીઓને અંતે સસ્પેન્ડ કરાયા હોવાના અહેવાલ સાંપડ્યા છે. પાલનપુર નગરપાલિકામાં ચાલુ કચેરીએ બે



શાખાઓના કર્મચારીઓ બાખડ્યા હતા. આ ૩ કર્મચારીઓ અપશબ્દો બાદ ઝપાઝપી પર ઉતરી આવ્યા હોવાનું પ્રત્યક્ષદર્શી ઓએ જણાવ્યું હતું.

પાલિકા કચેરીમાં જાહેરમાં હોબાળો થતા પાલિકા પ્રમુખ અશોકભાઈ ઠાકોર ચેમ્બર છોડી બહાર દોડી આવી ઝગડી રહેલા કર્મચારીઓને થાળે પાડવા દરમિયાનગીરી કરી હતી. આમ છતાં કર્મચારીઓ ન ગાંઠતા અંતે આ ૩ કસૂરવાર મનાતા કર્મચારીઓને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવાયો હતો. જેને પગલે કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

### કોને સસ્પેન્ડ કરાયા...?

પાલનપુર નગરપાલિકામાં ઘરવેરા અને એકાઉન્ટ શાખાના મળી ૩ કર્મચારીઓ બાખડ્યા હતા. કોઈ બિલ મંજુર કરવાને લઈને બબાલ થઈ હોવાનું પાલિકા વર્તુળમાં ચર્ચાસ્પદ બન્યું છે. ત્યારે પાલિકા માં જ હાથાપાઈ સુધી આવી ગયેલા ૩ કર્મચારીઓ (૧) વિપુલ ભાઈ દવે (૨) નારણભાઈ મકવાણા અને (૩) મહેન્દ્રભાઈ મોઢને સસ્પેન્ડ કરાયા હોવાના અહેવાલ સાંપડ્યા છે.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

સૂર્યોદય - ૫.૫૭ સૂર્યાસ્ત - ૭.૨૯

## તિથિદર્શન

જેઠ વદ-૧ શુક્રવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ વદ :એકમ શુક્રવાર નક્ષત્રઃ પૂર્વષાઢા સાંજે ૩.૨૨ પછી ઉત્તરષાઢા યોગ :ઐદ્ર કરણ : તૈતીલ આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ.ફ.ધ.) રાત્રે ૧૦.૦૯ પછી મકર (ખ.જ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે. - જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### સ અમાત્યઃ સદા શ્રોયન્કાકિનીં ય પ્રવર્ધતેતા કોશઃ કોશવતઃ પ્રાણાઃ પ્રાણાફ પ્રાણા ન ભૂપતેઃ

સુભાષિત રત્ન ભાંડાગારના ત્રીજા પ્રકરણ 'રાજનીતિ' નો આ શ્લોક છે. સરકારી તિજોરીના વહીવટની આમાં વાત છે :- 'જે રાજ્યની તિજોરીમાં દરરોજ એક એક રૂપિયો પણ વધારતો રહે છે એવો જ નાણાપ્રધાન- મંત્રી - ખજાનચી- અમાત્ય સદાય રાજ્યનું કલ્યાણ કરનારો છે કારણ કે રાજાના પોતાના 'પ્રાણ' સાચા પ્રાણ નથી, પણ રાજાની છલકતી તિજોરી જ રાજાનો સાચો પ્રાણ છે.' નાણામંત્રીએ અઢાર વખત બજેટ રજૂ કર્યું એ મહત્વનું નથી. બજેટમાં વર્ષો- વર્ષ ઉધાર- દેવું - કરજ વધારતાં જાય અને તિજોરીમાં 'આબરૂ' ને બદલે ચિંતાના કાંકરા ભરતા જાય એમાં કંઈ 'રેકોર્ડ' થતો નથી. અને આપણી- રાજ્યની તિજોરીની જીવાદોરી તો અદાણી- રિલાયન્સના હાથમાં છે. નાણાંમંત્રી તો એમના માટે યમરાજનું વાહન માત્ર છે. આજે ગુજરાત રાજ્યની તિજોરી કરોડો રૂપિયાના ઉધાર- દેવા- ઋણથી દબાણ હેઠળ છે. દર વાર્ષિક બજેટમાં વ્યાજની રકમનો આં- કડો વધતો જ જાય છે. છતાં સરકારની ઊંઘ ઊડતી નથી અને કરોડો- અબજોના ખોટા ખર્ચ જાહેરાતો અને મેળા- ઉત્સવોના પ્રચારમાં થાય છે. સાચા નાણામંત્રી સરકારનું બજેટ બચત- પુરાતંવાળું અને ઉધાર- કરજ વિનાનું, કરકસરભર્યું હોવું જોઈએ. રાજાની તિજોરી છલોછલ હોય તો પ્રજા - કર્મચારીઓને એક પ્રકારનો ઉત્સાહ રહે છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)યશ, પ્રતિષ્ઠામાં વધારો થાય. નવિન લાભની તક સાંપડે.**
**વૃષભ : (બ.વ.ઉ.)જોખમી કાર્યો ટાળવા હિતાવહ. માનસિક અશાંતિ રહે.**
**મિથુન : (ક.છ.ઘ.)લાભની આશા ઠગારી નીવડે. અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.**
**કર્ક : (ડ.હ.)પ્રવાસથી લાભ થાય. નવિન યોજના સફળતાથી પાર પાડી શકશો.**
**સિંહ : (મ.ટ.)આકસ્મીક ધન લાભ થાય. મહત્વના નિર્ણયોમાં સફળતા મળે.**
**કન્યા : (પ.ઠ.ણ.)આર્થિક સમસ્યા તીવ્ર બને. ભારે જહેમત પછી કાર્ય સફળતા મળે.**
**તુલા : (ર.ત.)પરિવારજનો સાથે તનાવ ઊભો થાય. અજ્ઞાત ભય સતાવે.**
**વૃશ્ચિક : (ન.ય.)ધીરજના ફળ મીઠા મળે. આર્થિક સ્થિતિ મજબુત બનાવી શકશો.**
**ધન : (ભ.ફ.ધ.)યોગ્ય પુરૂષાર્થ બાદ કાર્ય સફળતા મળે. જીવનસાથીના આરોગ્ય અંગે સંભાળવું.**
**મકર : (ખ.જ.)અણધારી આફતથી સાવધ રહેવું. ગૃહવિવાદ થવાના યોગ.**
**કુંભ : (ગ.શ.સ.) વાણી સંયમ જાળવવો હિતાવહ. મનની મુરાદ બર આવે..**
**મીન : (દ.ચ.જ.થ.) નવિન કાર્યોમાં સફળતા મળે. હિતશત્રુઓ પાછા ફરે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

શિક્ષણક્ષેત્રે જેમની સાધના પ્રશંસનીય રહી છે તેવા મહાન શિક્ષણશાસ્ત્રી સરઆસુતોષ મુકરજીની જન્મ જયંતી છે. એમનો જન્મ તા. ૨૯-૬-૧૮૬૪ ના રોજ થયો હતો. શ્રી આસુતોષ મુકરજીનો જન્મ કલકત્તામાં થયો હતો. ગણિત એમનો પ્રિય અને સંશોધનનો વિષય હતો. જાહેર જીવનમાં પણ એમનું પ્રદાન નોંધપાત્ર છે. કલકત્તામાં કોર્પોરેશન, બંગાળની ધારાસભામાં તેઓ ક્રમશઃ સભ્યપદે ચૂંટાઈ આવેલા ૩૦ મા વર્ષે તો તતેઓ કલકત્તાની વરિષ્ઠ અદાલતમાં ન્યાયમૂર્તિ બન્યા હતા. ૧૯૨૪માં આ મહાન શિક્ષણપ્રેમીનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રદ્ધા અતૂટ.... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

### તા. ૨૯.૦૬.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૬૧૬ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૨૮.૦૬.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૫૭૪ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૫૩૦ પોઈન્ટના પ્રથમ અને ૧૦૫૧૭ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૬૦૬ પોઈન્ટ થી ૧૦૬૧૬ પોઈન્ટ, ૧૦૬૩૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૬૧૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૨૮.૦૬.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૬૨૩૫ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૩૭૩ પોઈન્ટના પ્રથમ અને ૨૬૪૦૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૬૧૯૦ પોઈન્ટ થી ૨૬૧૪૪ પોઈન્ટ, ૨૬૧૨૬ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૪૦૪ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

### હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**HDFC બેન્ક (૨૧૧૮) :- HDFC ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૨૦૯૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૨૦૮૮ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૨૧૩૩ થી રૂ.૨૧૪૪ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૨૧૫૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**ઇન્ડસિન્ડ બેન્ક (૧૯૪૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૯૨૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૯૧૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૯૫૭ થી રૂ.૧૯૬૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**CEAT લિમિટેડ (૧૨૪૧) :- રૂ.૧૨૨૭ નો પ્રથમ તેમજ રૂ.૧૨૧૭ ના બીજા સપોર્ટથી ઓટો ટાયર સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૨૫૫ થી રૂ.૧૨૬૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**સેન્ચુરી ટેક્ષટાઇલ (૮૯૩) :- સિમેન્ટ સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૯૦૩ થી રૂ.૯૦૯ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૮૮૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**બાટા ઈન્ડિયા (૮૩૩) :- રૂ.૦૫ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૮૧૮ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ફૂટવેર સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૮૪૨ થી રૂ.૮૫૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**કોટક બેન્ક (૧૩૩૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૩૪૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૩૨૩ થી રૂ.૧૩૧૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૩૬૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (૯૫૨) :- રૂ.૯૬૯ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૯૭૪ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૯૪૪ થી રૂ.૯૩૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૯૮૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**HCL ટેક્નોલોજી (૯૧૬) :- ટેક્નોલોજી સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૯૩૩ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૯૦૩ થી રૂ.૮૯૬ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**રેમન્ડ લિમિટેડ (૮૯૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેક્ષટાઇલ સેક્ટરનો આ સ્ટોક રૂ.૯૦૯ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૮૮૬ થી રૂ.૮૭૮ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૯૧૯ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**રિલાયન્સ ઇન્ફ્રા (૩૯૮) :- રૂ.૪૦૯ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૪૧૭ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૩૯૦ થી રૂ.૩૮૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૪૨૪ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

# રબારી સમાજના કલાકારોનું સ્નેહ મિલન


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ગુજરાતભરમાં વસતા રબારી સમાજના કલાકારોનું સ્નેહમિલન ગત મંગળવારના અમદાવાદ નજીકના શેરથા ખાતે ગેમરભાઈ કનોડાના જયગોગા ફાર્મહાઉસ પર યોજાયું હતું.

રબારી સમાજના ઉભરતા અને જાણીતા કલાકારોનું સન્માન કરવામાં આવ્યુ હતું. અંદાજીત ૨૫૦ જેટલા સમસ્ત ગુજરાતમાંથી રબારી સમાજના કલાકારોએ હાજરી આપી હતી. દરેક કલાકારોને શાલ ઓઢાડી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે કાંકરેજના પૂર્વ ધારાસભ્ય બાબુભાઈ દેસાઈ, ગુજરાત રાજ્ય ઘેટાઉન વિકાસ નિગમના ઉપાધ્યક્ષ અમરશીભાઈ રબારી, વિહોતર ગૃપ ગુજરાતના ઉપાધ્યક્ષ નાગજીભાઈ ભુવાજી સણાદર વિહોતર વોઈસ મેગેજીનના તંત્રી સુરેશભાઈ પાલજ સહિત અનેક ગણમાન્ય આગેવાનોએ હાજરી આપી હતી અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સહયોગ સેવા ટ્રસ્ટ (ડીસા) દ્વારા વિદ્યાર્થીનીઓનું સન્માન



ડીસા

માર્ચ ૨૦૧૮ માં લેવાયેલ ધો.૧૦ અને ધો.૧૨ ની પરીક્ષામાં ડી.એન.પી. ગર્લ્સ હાઈ.માં ધો.૧૨ આર્ટસમાં કુ. હેતલ હંસાજી કચ્છવા ૭૮.૧૪ % શાળામાં પ્રથમ નંબર અને ધો.૧૦ માં કુ. સતના પ્રવિણભાઈ ઠક્કર ૮૯.૬૭% પ્રથમ નંબરે ઉતીર્ણ થતા ડીસાની સામાજીક સંસ્થા સહયોગ સેવા ટ્રસ્ટ દ્વારા બન્ને વિદ્યાર્થીનીઓનું સન્માનપત્ર અને ફુલહારથી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સહયોગ સેવા ટ્રસ્ટના પ્રમુખ પ્રહલાદભાઈ ઠક્કર, મોડેલ સ્કુલના પ્રિન્સીપાલ ડૉ.મનીષાબેન નાઈ, પાર્થ પી.ઠક્કર, શિવસેનાના ઉ.ગુજ. પ્રમુખ કમલેશભાઈ ઠક્કર, આનંદભાઈ ઠક્કર, ચંદુભાઈ એ.ટી.ડી., કનુભાઈ હાલાણી, મહેશભાઈ ઉદેચા તેમજ શાળાના પ્રિન્સીપાલ તેમજ સમગ્ર શાળા પરિવારે ઉપસ્થિત રહી સન્માન કર્યું હતું.

# ડીસામાં બાળકોને વોટર બેગ અને નાસ્તાનું વિતરણ

ડીસા

ડીસામાં કાર્યરત ભારત વિકાસ પરિષદ દ્વારા વર્ષ દરમિયાન વિવિધ સેવાના કર્યો કરવામાં આવે છે ત્યારે ગત રોજ ગરીબ બાળકોને પાણીની બોટર બેગ અને નાસ્તા નું વિતરણ કરાયું ભારત વિકાસ પરિષદની મહિલા પાંખ દ્વારા ગત રોજ ડીસા શહેરની પોસ્ટ ઑફીસ નજીક વાઘરી વાસ વિસ્તારની આંગણવાડી કેન્દ્ર મા ૫૦ બાળકો અને શહેરની ડોલી વાસ વિસ્તાર ના આંગણવાડીમા ૬૦ બાળકોને નાસ્તો, મીઠાઈ અને વોટર બેગનું વિતરણ કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમા રીના પટેલ, ડો અમીતાબેન જોશી, મીતાબેન ઠક્કર, શીલાબેન મહેશ્વરી, ભાવનાબેન જોશી, કિંજલબેન ઠક્કર, ગીતાબેન ત્રિવેદી સહિત મોટી સંખ્યામાં બહેનો હાજર રહી હતી.

# વડગામની લક્ષ્મણપુરા પ્રા.શાળામાં ભાવદર્શન કાર્યક્રમ યોજાયો


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી વડગામ, ગાયત્રી પરિવાર વડગામ, માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ વડગામ, લાઈફ મિશન વડોદરા, વડગામ મિત્ર મંડળ વગેરેના સંયુક્ત ઉપક્રમે ગઈકાલ તારીખ ૨૮/૬/૨૦૧૮ ને ગુરૂવારે વડગામ- લક્ષ્મપુરા પ્રા.શાળા ખાતે ગામના અગ્રણી કાંનજીભાઈ એલ. પટેલ (સિનિયર મેનેજર બેંક ઓફ બરોડા) તા. ૩૦/૬/૨૦૧૮ શનિવારે વય નિવૃત્ત થતાં હોઈ તેમનું સન્માન કરવા ભાવદર્શન કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે ઈન્ડિયન રેડક્રોસ સો.દ્વારા શાળાના બાળકોને તિથિભોજન આપવામાં આવ્યું હતું. આચાર્ય- શિક્ષકગણ તથા રેડક્રોસના સભ્યોએ કાર્યક્રમ સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# થેરવાડાની નાલંદા વિદ્યાલયમાં સલામતી સપ્તાહની ઉજવણી



પ્રતિનિધિ થેરવાડા

ગત તા. ૨૫/૬/૨૦૧૮ થી ૨૯/૬/૨૦૧૮ સુધી શાળા સલામતી સપ્તાહની ઉજવણી કરવાની હોય તે અંતર્ગત અમારી શાળા નાલંદા વિદ્યાલય, થેરવાડામાં પ્રાર્થના સભા દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. જેમાં શાળાના શિક્ષક સંદીપભાઈએ કુદરતી આપત્તિઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. જેમાં ભૂકંપ, વીજળી પડવી, અચાનક આગ લાગવી જેવી બાબતો વિશે માહિતગાર કર્યા હતા. સાથે સાથે તા. ૨૮/૬/૧૮ ના રોજ ગાંધીનગર આવેલ ભૂકંપ અનુંધાન સંસ્થાનમાંથી આવેલ ટીમે વિદ્યાર્થીઓને ભૂકંપ પહેલા, ભૂકંપ બાદ શું કરવું જોઈએ અને શું ના કરવું જોઈએ તે વિશે વિગતે માહિતી આપી હતી. સાથે સુનામી વિશે પણ વિસ્તૃત માહિતી આપી હતી. ત્યારબાદ કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓ દ્વારા તેમને પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી અને તેના સચોટ જવાબો મળ્યા હતા. વિદ્યાર્થીઓ તેનાથી માહિતગાર થયા હતા.

# બેવટા પ્રાથમિક શાળામાં બાળમેળો યોજાયો


પાંચાભાઈ દેસાઈ

પ્રતિનિધિ રાહ

થરાદ તાલુકાની બેવટા પ્રાથમિક શાળામાં બાળમેળો અને લાઈફ સ્કીલની ઉજવણી કરવામાં આવી. બાળમેળામાં બાળકોએ વિવિધ પ્રવૃત્તિઓ અને લાઈફ સ્કીલમાં જીવન ઉપયોગી પાઠ ભણ્યા હતા.

# ધરપડા પ્રા. શાળામાં દ્વારા ચોપડા વિતરણ


ચેતન શ્રીમાળી

પ્રતિ. આસેડા

સલ્ફર મિલ્સ લી. મુંબઈના પ્રતીનિધિ પી.બી. રાઠૉડ દ્વારા ધરપડા ગામની પ્રાથમિક સાળામાં કંપનીના ડિસ્ટ્રીબ્યુટર મનુજી ઠાકોર ગામના સરપંચ તેમજ ગામના આગેવાન તેમજ સ્કૂલના શિક્ષક ગણની હાજરીમાં વિના મુલ્યે ચોપડાનું વિતરણ કરાયું હતું.

# શ્રીમતી સાળવી ઉચ્ચ પ્રાથમિક શાળા દ્વારા યોગદિનની ઉજવણી

પાલનપુર

૨૧ જૂન યોગ દિવસ નીમિત્તે શ્રીમતી સાળવી ઉચ્ચ પ્રાથમિક શાળામાં યોગ દિનની, ઉજવણી કરવામાં આવી. શાળાના આચાર્ય ચંદ્રકાન્ત પટેલના માર્ગદર્શન હેઠળ જીતુભાઈ પટેલે બાળકોને વિવિધ પ્રકારના યોગાસનો કરાવી આસનોની વિસ્તૃત માહિતી આપી હતી. જેમાં બાળકો સહિત શાળાના સારસ્વત મિત્રો જોડાયા હતા.

# સોયલા પ્રા.શાળામાં ચોપડાનું વિતરણ


સાદુલસિંહ રાઠોડ

પ્રતિનિધિ મુડેઠા

ડીસા તાલુકાની સોયલા પ્રાથમિક શાળામાં આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત સલ્ફર મિલ્સ લી. કંપની (મુંબઈ) દ્વારા ધોરણ ૬ થી ૮ ના બાળકોને ચોપડા વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય સોનીયાબેન પરમાર અને શિક્ષક સ્ટાફ તેમજ સલ્ફર મિલ્સના ઓફિસર પટેલ પ્રશાંતભાઈ, ફિલ્ડ ઓફિસર રાજુભાઈ જોષી, ગામના સરપંચ મહેશભાઈ હડિયોલ ગામના અગ્રણી નારણભાઈ જોષી, ત્રિભોવનભાઈ જોષી (દુધ મંડળી ચેરમેન) નાગજીભાઈ જોષી, પ્રવિણભાઈ જોષી, કરશનભાઈ જોષી વગેરેએ હાજરી આપી હતી.

# જ્ઞાન સાગર પ્રા. શાળામાં દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિ નિમિતે તિથિ ભોજન

પ્રતિનિધિ લુવાણા

જ્ઞાન સાગર પ્રા. શાળા અને પી.એલ .પટેલ .માધ્યમિક શાળા લુવાણામાં પટેલ પીરાભાઈ લક્ષમણજીની દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિ નિમીતે તિથિ ભોજન આપવામાં આવ્યું. પ્રમુખ નાનજીભાઈ જાલાજી અને મંત્રી અરવિંદભાઈ પીરાભાઈ એ હાજરી આપી.


મનિષ જોષી

વડપ્રદનગરી વડોદરામાં વડ સાવિત્રી પુનમે જ ગોરવાના લક્ષ્મીપુરા રોડ પરના દશામાના મંદિર નજીક વડનું જૂનુ વૃક્ષ ધરાશયી થયુ હતુ. વૃક્ષ વાવીને જતન કરવા પ્રત્યે તંત્રની ઉદાસીનતા ગ્લોબલ વૉર્નિંગની આલબેલ છે.

# પ્રસૂતિ પછી માતાઓ માટે હીલિંગ હર્બ્સ આવશ્યક

પ્રસૂતિ પછી તમારા નવજાતની સંભાળ રાખવા ઉપરાંત પ્રસૂતિ પછી તમારું શરીર કમજોર અને નાજુક બની જતું હોવાથી પોતાની ઉત્તમ સંભાળ રાખવાનું પણ તેટલું જ મહત્ત્વ પૂર્ણ હોય છે. નૈસર્ગિક સામગ્રીઓ માં તમારા પ્રસૂતિ પછીના શરીરને સાજું કરવામાં મદદ કરતા ગુણો હોય છે અને ત્વચાને નરમ અને લવચીક બનાવે છે. આયુર્વેદ હર્બ્સ અને તેલનો ઉપયોગ સૂચવે છે, જે ગર્ભાવસ્થા પછી માતાના શરીરનું રક્ષણ અને સાજું કરવામાં મદદ કરે છે. આનાથી તાણ ઓછો થાય છે અને માતૃત્વની આસન શરૂઆતની પણ ખાતરી રહે છે, એમ ધ હિમાલયા ડ્રગ કંપનીના આર એન્ડ ડીના આયુર્વેદ નિષ્ણાત ડો. પ્રતિભા એસ. બાબશેટે જણાવ્યું હતું.ડો. પ્રતિભા સૂચવે છે કે કન્ટ્રી મેલો (બાલા), ફાઈવ- લીવ્ડ ચસ્તીટી, અશ્વગંધા, ઈન્ડિયન મેડર, એલોવેરો જે વાંહર્બ્સનો ઉપયોગ કરવો જોઈએ, જે નવી માતાના શરીરનું રક્ષણ અને સાજું કરવામાં મદદ કરે છે, જેને લીધે માતૃત્વ સુખી અને રાહત જનક પ્રવાસ બની જાય છે. ઉપરાંત કોપરેલ, બદામનું તેલ અને સીસમનું તેલ સૂકી ત્વચાને ઠંડક આપે છે અને સમારે છે. ''માતાઓ માટે ખાસ તૈયાર કરવામાં આવેલાં અને નવી માતાને આરામ આપે તેવાં ઉત્પાદનો શોધવા જોઈએ,'' એમ ડો.પ્રતિભા કહે છે. આ હર્બ્સ દર્દથી રાહત આપે છે અને ચાઠાં સાજા કરવાની પ્રક્રિયા તેજ બનાવે છે, જેને લીધે ત્વચા નરમ અને લવચીક રહે છે. વધુ પડતું સૂકાપણું અને ખંજવાળથી રાહત મેળવવા માટે બોડી બટરનો ઉપયોગ કરી શકો છો. સુગંધી મસાજ તેલથી હલકો મસાજ ડાઘ દૂર કરવામાં મદદ કરે છે અને તમને વધુ આરામ દાયક મહેસૂસ થાય છે. સ્ત્રીના શરીરમાં ગર્ભાવસ્થા દરમિયાન ઘણા બધા ફેરફાર થાય છે અને તમારા શરીરનું બહુ ધ્યાન રાખવાની અને તમે ઉપયોગ કરો તે ઉત્પાદનો વિશે સાવચેત રહેવાનું મહત્ત્વ પૂર્ણ છે.

ડો. પ્રતિભા કહે છે, તમારી ત્વચા હોર્મોનમાં ફેરફારને લીધે ગર્ભાવસ્થા દરમિયાન વધુ સંવેદનશીલ બની શકે છે, જે અમુક વાર ત્વચાની સ્થિતિઓને વધુ ખરાબ કરી શકે છે. આથી તમારા શરીર પર શું લગાવવું જોઈએ તે વિશે તમારે બહુ ધ્યાન રાખવું જોઈએ, કારણકે તે તમારા નવજાતને પણ અસર કરી શકે છે. આથી તમારી દેખભાળમાં યોગ્ય ત્વચા સંભાળ ઉત્પાદનો સમાવેશ કરવાની ખાતરી રાખો અને ગર્ભાવસ્થા સંબંધી ત્વચાની સમસ્યાઓ નિવારવા માટે તમારી ત્વચાને ઠંડક આપવામાં મદદ કરે તેવી નૈસર્ગિક સામગ્રીઓનો સમાવેશ ધરાવતાં ઉત્પાદનો ઉપયોગ કરીને પોતાની પંપાળ કરો.

## ધ્યાન દોરવાની સંપૂર્ણ નવી રીતઃફર્સ્ટ એવર BMW6 સિરીઝ ગ્રાન ટુરિઝમો હવે ડીઝલ વેરિયન્ટમાં ઉપલબ્ધ.



BMW 6 સિરજી Ị 30d સિરીઝ ગ્રાન ટુરિઝમો આજે નવા ડીઝલ એન્જિન વેરિયન્ટ સાથે લોન્ચ કરવામાં આવી હતી. હવે પેટ્રોલ અને ડીઝલ એમ બંને વિકલ્પોમાં ઉપલબ્ધ ફર્સ્ટ- એવર BMW6 સિરીઝ ગ્રાન તુરિસ્મો એસ્થેટિક અપીલ, કુપની મોકળાશ, લાંબા અંતરનો આરામ અને ડાયનેમિક પરફોર્મન્સના અજોડ સંયોજન થકી અસાધારણ પરિમાણ પ્રસ્તુત કરે છે. ''ફર્સ્ટ- એવર BMW6 સિરીઝ ગ્રાન ટુરિઝમોના લોન્ચ સાથે અમે ઈન્ડિયન લકઝરી કાર માર્કેટમાં નવા સેગમેન્ટનું નિર્માણ કર્યું છે. ફર્સ્ટ- એવર BMW6 સિરીઝ ગ્રાન ટુરિઝમો તેની આકર્ષક હાજરી અને રોમાંચક કુપસ્ટાઈલને લીધે ટોળામાં અનોખી તરી આવે છે. ટ્રેડમાર્ક BMW ડ્રાઈવિંગ પ્લેઝર અને લાંબા અંતરના આરામ સાથે તે ડ્રાઈવર અને પ્રવાસી બંને માટે બેજોડ અનુભવનું નિર્માણ કરે છે. ફર્સ્ટ- એવર BMW6 સિરીઝ ગ્રાન ટુરિઝમોની સફળતા નવા ડીઝલ વેરિયન્ટ સાથે અમે હવે આગળ લઈ જઈ રહ્યા છીએ, જે સાથે અમારા ઈચ્છનીય ગ્રાહકો માટે પસંદગીની શ્રેણીની વ્યાપ્તિ વધારી છે.''

લોકલી પ્રોડ્યુસ્ડ, ફર્સ્ટ- એવર BMW6 સિરીઝ ગ્રાન ટુરિઝમો તુરિસ્મો બે ડિઝાઈન સ્કીમ્સ- લક્ઝરી લાઈન અને ર સ્પોર્ટમાં આજથી ભારત ભરની બધી BMW ડીલરશિપ્સમાં મળશે. લક્ઝરીલાઈન મનોહર કોન્ટુર્સ અને લક્ઝુરિયસ વિશિષ્ટતાઓ સાથે સ્ટાઈલની શોભા વધારે છે, જ્યારે ર સ્પોર્ટ વાહનના આયુષ્યની ડાયનેમિક બાજુ માટે જોશનો સંકેત આપે છે. ડીઝલ વેરિયન્ટ્સની રજૂઆત સાથે ફર્સ્ટ- એવર ૬ સિરીઝ ગ્રાન ટુરિઝમોનો વર્તમાન પેટ્રોલ વેરિયન્ટ પણ હવે જુલાઈ ૨૦૧૮ થી નવી ડિઝાઈન ટ્રિમમાં પણ ઉપલબ્ધ બનશે. નવી BMW 630i સિરીઝ ગ્રાન ટુરિઝમો લક્ઝરીલાઈનમાં એક્સટીરિયર પર ક્રોમ ડિઝાઈન તત્ત્વો અને ઈન્ટીરિયર પર ફાઈન- વૂડ ટ્રિમ મળશે.

## એસ.ટી.મઝદુર સંઘ દ્વારા વિભાગીય નિયામકને આવેદનપત્ર


સંજય જોશી

પાલનપુર

એસટી નિગમના કર્મચારીઓના વિવિધ પડતર પ્રશ્નો સંદર્ભે એસ.ટી.મજદૂર સંઘ દ્વારા નિગમના દરેક વિભાગોમાં વિભાગીય નિયામકોને આવેદનપત્રો આપવાનો નિર્ણય કરાયો છે. તદ્ અનુસાર એસ.ટી. મઝદુર સંઘના પાલનપુર વિભાગ એકમ દ્વારા પણ આજે પાલનપુર ખાતેના વિભાગીય નિયામકને આવેદનપત્ર અપાયું હતું. એ.ટી. મઝદુર સંઘના પ્રદેશ મહામંત્રી ઘનશ્યામભાઈ બ્રહ્મક્ષત્રિયની આગેવાની હેઠળ એસ.ટી. મજદૂર સંઘના પાલનપુર વિભાગના હોદ્દેદારો અને કર્મચારીઓએ આજે સવારે પાલનપુર સ્થિત વિભાગીય એસ.ટી.યંત્રાલય ખાતે ઉગ્ર સુત્રોચ્ચાર કર્યા બાદ વિવિધ ૧૪ જેટલા મુદ્દાઓ સાથેનું આવેદનપત્ર વિભાગીય નિયામક જે.એચ.સોલંકીને સુપ્રત કર્યુ હતું.આ વિરોધ પ્રદર્શનમાં મજદૂર સંઘના પાલનપુર વિભાગના પ્રમુખ મહેશભાઈ સોલંકી,મહામંત્રી દીપકભાઈ નાયક, નિરંજનભાઈ શ્રીમાળી સહિત અન્ય હોદ્દેદારો અને કર્મચારીઓ બહોળી સંખ્યામાં જોડાયા હતા.આ પ્રસંગે એસ.ટી.મઝદુર સંઘના પ્રદેશ મહામંત્રી ઘનશ્યામભાઈ બ્રહ્મક્ષત્રિયએ જણાવ્યું હતું કે એસ.ટી. કર્મચારીઓની વિવિધ પડતર માંગણીઓ સંદર્ભે લાંબા સમયથી ઉદાસીન વલણ અપનાવાય છે તે ખૂબ દુઃખદ બાબત છે.

## થરાદમાં પાલિકા દ્વારા અધુરા રોડની કામગીરી હાથ ધરાતાં આનંદની લાગણી

પ્રતિનિધિ થરાદ

થરાદ નગરપાલિકા દ્વારા બસસ્ટેશનનથી સર્વોદય સોસાયટી વચ્ચે નવો આરસીસી રોડ બનાવવા માટે બંન્ને બાજુ સાઈડો ખોદવામાં આવી હતી.જોકે ત્યાર બાદ એક બાજુની સાઈડ આરસીસી બનાવીને બીજી સાઈડની કામગીરી અધુરી છોડવામાં આવી હતી. આથી નગરના આ હાર્દસમા માર્ગેથી નગરમાં પ્રવેશતાં રોજનાં હજારો વાહનો અને શાળાકોલેજના વિદ્યાર્થીઓ સહિત રાહદારીઓને ભારે હાલાકીઓનો સામનો કરવો પડતો હતો. લોકોની આ સમસ્યાને વાચા આપતા સમાચાર સોમવારના ઉત્તર ગુજરાતના લોકપ્રિય અખબાર માં સચિત્ર છપાયા હતા.વળી અધુરી કામગીરીના કારણે ચોમાસામાં પણ મુશ્કેલીઓ સર્જાય તેમ હતી.

જેના પગલે કોન્ટ્રાક્ટર દ્વારા રોડની બીજી સાઈડ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જોકે પાલિકા દ્વારા પણ નગરપાલિકાના ભવિષ્યનાં કામો માટે બ્લેકલિસ્ટમાં કેમ નહી મુકવાની કારણદર્શક નોટીસ પણ પાલિકા દ્વારા આપવામાં આવી હતી. આથી ફફડેલા કોન્ટ્રાક્ટર દ્વારા કામગીરી તરત શરુ કરવામાં આવી હતી. આથી વાહન ચાલકો અને રાહદારીઓમાં આનંદની લાગણી ફેલાવા પામી હતી. રોડની કામગીરી પુર્ણ થયા બાદ ફાયબર બંપ મુકવાની કામગીરી પણ પાલિકા દ્વારા તરત હાથ ધરવામાં આવે તેમ ભાજપના જિલ્લા કારોબારીના સદસ્ય ડૉ કમલેશભાઈ એન્જીનીયર અને યુવક દશરથભાઈ દવેએ જણાવ્યુ હતું. નગરપાલિકાની રોડની કામગીરી કરનાર એજન્સીએ બે મહિના પહેલાં રોડની શરુઆત કરી હતી.જોકે બસસ્ટેશનથી ડૉ કમલેશભાઈ એન્જીનીયરની હોસ્પીટલ સુધીનો રસ્તો બનાવ્યાના કલાકોમાં જ વાહનચાલકો અને રાહદારીઓ ચાલવા લાગતાં કામ ક્ષતિગ્રસ્ત બન્યું હતું.જેને કારણે કોન્ટ્રાક્ટર દ્વારા તેને તોડીને ફરી બનાવવામાં આવ્યો હતો.જે નુકશાન એજન્સીને ભોગવવાની નોબત આવી હોવાનું જણાવ્યું હતું.


વિષ્ણુ દવે

## લોકોની આવક, સુવિધા અને સુખાકારીમાં વધારો કરી શકાય તેવા પ્રયાસો કરીએ - હરીભાઈ ચૌધરી

**પાલનપુર મુકામે કેન્દ્રીય મંત્રીના અધ્યક્ષસ્થાને ડિસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ એન્ડ મોનીટરીંગ કમિટીની બેઠક યોજાઈ**

પાલનપુર

પાલનપુર મુકામે કેન્દ્રીય ખાણ, ખનીજ અને કોલસા રાજય મંત્રી હરીભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને ડિસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ કો.ઓર્ડીનેશન એન્ડ મોનીટરીંગ કમિટીની બેઠક યોજાઈ હતી. જેમાં દિશા અંતર્ગત આવરી લેવાયેલ યોજનાઓની વર્ષ-૨૦૧૮-૧૯ના મે-૨૦૧૮ અંતિત પ્રગતિની સમીક્ષા અને પંચાયત દર્પણ ઈન્ડીકેટરની સમીક્ષા કરવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રી હરીભાઈ ચૌધરીએ જણાવ્યું કે સરકારની વિવિધ કલ્યણકારી યોજનાઓનો લાભાર્થીઓને પુરતો લાભ મળે જેનાથી તેમની આવક, સુવિધા અને સુખાકારીમાં વધારો કરી શકાય તેવી કાળજી રાખી પરિણામદાયી પ્રયાસો કરીએ. જાહેરહિત ધરાવતા કામો વિશે મંત્રીએ કહ્યું કે લોકોને જરૂરી સુવિધાઓ જેવી કે શિક્ષણ, આરોગ્ય, રસ્તા, પીવાનું પાણી, વીજળી, સિંચાઈ સહિત તમામ સુવિધાઓ આપવા છેવાડાના વિસ્તારના અગ્રણીઓ અને ગ્રામજનો સાથે સંપર્ક કેળવી જરૂરીયાત પ્રમાણે વિકાસકામો કરીએ.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે બનાસકાંઠા જિલ્લામાં વિવિધ વિકાસકામો પુરતી સંખ્યામાં કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે વિકાસકૂચ વધુ વેગવંતી બનાવવા સરકારી કચેરીઓ વચ્ચે પરસ્પર સારૂ સંકલન કેળવાય એ જરૂરી છે. કલેકટરએ વિકાસકામો સમય મર્યાદામાં પૂર્ણ કરવા તથા જિલ્લામાં જરૂરી સુવિધાઓ ઝડપભેર ઉપલબ્ધ બનાવવા અધિકારીઓને ઉપયોગી માર્ગદર્શન અને સુચના આપી હતી. ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી આર.વી.વાળાએ વિકાસકીય વિગતો રજુ કરી હતી. પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે વર્ષ-૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં ૧૬,૨૧૪ના લક્ષ્યાંસક સામે ૧૩,૨૭૭ આવાસો મંજુર કરવામાં આવ્યા છે. મનરેગા યોજના હેઠળ રૂ.૫૩ કરોડનો ખર્ચ કરી ૨૫.૦૮ લાખ માનવદિનને રોજગારી પુરી પાડવામાં આવી છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ૧,૨૭,૪૬૬ શૌચાલય બનાવવામાં આવ્યા છે.

અનુસંધાન પાના નં.૬

## થરાદ કોરું ધાકોર : પાંચ કિમી દુર વરસાદ

પ્રતિનિધિ થરાદ

થરાદ સાંચોર હાઈવે પર બુધવાર ની રાતે રોડ પર પાણી ભરાયાં હતાં જ્યારે થરાદ શહેરમાં છાંટ પણ પડી ન તી.બુઢણપુર,જમડા,જાણદી, દુધવા જેવા હાઈવે પર આવેલા ગામો પર મોટા છાંટે વરસાદ પડ્યો હતો.જેને કારણે રોડ પર પાણી ભરાયાં હતાં.જો કે થરાદ નગર કોરું રહ્યું હતું.ગ્રામીણ વાતાવરણમાં ઠંડક પ્રસરવા પામી હતી.સાથે સાથે વીજપુરવઠો પણ ડુલ થઈ જવા પામ્યો હતો.

## નાના કાપરા ગામે આશ્રમ, લાખણેચી માતા અને જહુ માતાના મંદિરનું ખાતમુહુર્ત

**વડવાળા મહંત કનીરામ બાપુ, બળદેવગીરી બાપુ (તરભ) અને રાજકીય આગેવાનોની વિશેષ હાજરી**

પ્રતિનિધિ ભીલડી

લાખણી તાલુકાના નાના કાપરા ગામે મહંતશ્રી રઘનાથપુરીબાપુ આશ્રમ, લાખણેચી માતા તેમજ જહુ માતાના મંદિરનું ખાતમુહુર્ત રબારી સમાજ વડવાળા મંદિરના મહંત કનીરામબાપુ તેમજ તરભ આશ્રમના મહંદ બળદેવગીરી બાપુ, વાલેર મહંત સુંદરપુરી બાપુ તેમજ રેવાપુરી બાપુના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે નાના કાપરા- મોટા કાપરાના ગ્રામજનો તેમજ આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતાએ હાજરી આપી હતી. આ પ્રસંગે બનાસકાંઠા સાંસદ હરીભાઈ ચૌધરી, દિયોદર ધારાસભ્ય શિવાભાઈ ભૂરિયા, માજી ધારાસભ્ય ગોવાભાઈ રબારી, વાલેર મહંત સુંદરપુરી બાપુ, રેવાપુરી બાપુ, કાંકરેજ ધારાસભ્ય કિર્તિસિંહ વાઘેલા તેમજ વડવાળા ગાદી મહંત કનીરામ બાપુએ પ્રસંગને બિરદાવી દેવોમાં આસ્થાની સાથે સાથે સમાજમાં એકતા તેમજ શિક્ષણનું પ્રમાણ વધે તે માટે સંસ્કારી શિક્ષણ પર ભાર મુકી કુરીવાજોમાંથી મુક્તિ મેળવવા યશભાગી બનવા જણાવાયું હતું. આ પ્રસંગે ભુવાજી કુરશીભાઈ તેમજ સમસ્ત રઘુનાથપુરી બાપુ સેવકગણ તેમજ નાના કાપરા ગામના ગ્રામજનોએ ખડેપગે સેવાઓ થકી કાર્યક્રમને સફળ બનાવાયી હતી.

આ પ્રસંગે હરીભાઈ ચૌધરી, ગોવાભાઈ રબારી, માવજીભાઈ રબારી (બનાસડેરી વાઈસ ચેરમેન) કિર્તિસિંહ વાઘેલા (કાંકરેજ ધારાસભ્ય), શિવાભાઈ ભૂરિયા (ધારાસભ્ય), બાબુલાલ વી.પાનકુટા (ડિરેક્ટર બનાસબેંક),

અનુસંધાન પાના નં.૬


કંચનજી ઠાકોર

## થરાદ પાલિકા દ્વારા પાણી ખેંચવાના પંપનું ટેસ્ટીંગ કરાયું

**પિપળીયા તળાવનું પાણી ખેંચવા માટે પંપ ગોઠવાતાં હાસ્યનું મોજુ**

પ્રતિનિધિ થરાદ

થરાદ નગરપાલિકા દ્વારા ગુરૂવારની સાંજે નગરના પિપળીયા તળાવનું પાણી તેમાં વરસાદનું પાણી સમાઈ શકે તે માટે ખાલી કરવાની બાળકોની રમત જેવી કામગીરી હાથ ધરવામાં આવતાં નગરજનોમાં હસવું કે રોવા જેવી સ્થિતી સર્જાવા પામી હતી.થરાદ નગરમાં એક સાથે ખાબકતા અનરાધાર વરસાદના કારણે નગરના પોણાભાગના વિસ્તારમાં દસથી પંદર ફુટ જેટલાં પાણી ભરાઈ જવા પામેછે.આ હાલત પાછળનાં ત્રણ વરસમાં બે વખત આવવા છતાં પણ પાલિકા દ્વારા કોઈ કાયમી ઉકેલ શોધી શકાયો નથી.આથી આ વરસે પણ વરસાદ પડેતો શુ થશેની ચિંતામાં જ નગરના ભારે અસરગ્રસ્ત વિસ્તારમાં આવતાં પ્રજાજનો પારેવાની જેમ ફફડી રહ્યા છે.જોકે વોર્ડના સદસ્યોએ કોઈ પણ ભોગે પાણીના નિકાલની માંગ કરતાં નગરપાલિકા દ્વારા પંપ ગોઠવીને પાણીને ભુગર્ભ ગટરલાઈનમાં નાખીને બહાર લઈ જવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.જોકે તેમાં સફળતા નહી મળતાં સાંજે આટોપી પણ લેવામાં આવી હતી.આ અંગે પુછતાં નગરપાલિકાના ચીફઓફીસર રોશનીબેન પટેલે ચોમાસા પહેલાં પાલિકા દ્વારા પંપનું ટેસ્ટીંગ કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું.જોકે નગરના માથે ચોમાસાનાં મંડરાણ થવા પામ્યાં છે.પાલિકામાં ભાજપની બોડી અને રાજ્યમાં સરકાર પણ છે તેમ છતાં પણ ભુતકાળમાં બે વખત થરાદ નગર ડુબાયું હોવા છતાં પણ માત્ર પંપનાં ટેસ્ટીંગ કરીને લોકોની લાગણીઓ સાથે ખેલવાની પાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલી રમતના કારણે નગરજનોમાં ભારોભાર રોષની લાગણી પણ ફેલાવા પામી છે.સાથે સાથે પાલિકા અને સરકાર દ્વારા ચોમાસા પહેલાં યુદ્ધના ધોરણે લોકોએ પાલનપુરમાં લડબી નદીના વહેણમાં કરેલની જેમ થરાદમાં પણ પાણીના કુદરતી માર્ગમાં કરેલાં દબાણો દુર કરાવવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.


વિષ્ણુ દવે

## ભોપાનગર- જુનાડીસા રોડ ઉપર વૃક્ષોની ડાળીઓ જોખમી

ડીસા

ડીસા નજીકના ભોપાનગરથી જુનાડીસા હાઈવે રોડ ઉપર વૃક્ષોની ડાળીઓ મોત બનીને ઝળુબી રહી છે. ચોમાસુ નજીકમાં છે ત્યારે આ ડાળીઓના કારણે હોનારત સર્જાવાની દહેશત વર્તાય છે. ચોમાસા પૂર્વે તંત્ર દ્વારા મોટા ઉપાડે ‘પ્રિ- મોન્સુન પ્લાન’ ઘડવામાં આવે છે પરંતુ જાહેર માર્ગો ઉપરના જોખમી વૃક્ષોનું કટીંગ કરાતુ નથી. તેથી પ્લાન કાગળ ઉપર રહી જાય છે ત્યારે રોડ ઉપર ઝળુબતી ડાળીઓ કોઈનો ભોગ લે તે પૂર્વે કટીંગ કામ કરાય તેવો જનમત પ્રવર્તે છે.

## થરાદની શાળાઓમાં ૧૦૮ દ્વારા ડેમોસ્ટ્રેશન યોજાયું


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાની પઠામડા અને મોડેલ શાળામાં ગુરુવારે થરાદ તાલુકાની ૧૦૮ની ટીમ દ્વારા ડેમોસ્ટ્રેશન બતાવવામાં આવ્યું હતું.જેમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત ૧૦૮ વિશે અને ૧૦૮ ન હોય તો ઘેર પ્રાથમિક સારવાર કઈ રીતે કરી શકાય તેની માહિતી આપવામાં આવી હતી.શાળાના બાળકોએ ૧૦૮ કઈ રીતે કામગીરી કરેછે તે જાણવાની જિજ્ઞાસા કરાતાં તેના વિશે માહિતી આપવામાં આવી હતી.આ કાર્યક્રમમાં થરાદ ૧૦૮ના પાયલોટ અરવિંદસિંહ અને ઈએમટી હિના સિપાઈ,તથા તાલુકાના પ્રાથમિક શિક્ષણાધિકારી આર.વી.બોચીયા તથા શાળાના સ્ટાફ અને બાળકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## થરાદના ચારડા પાસેથી વિદેશી દારૂ ભરેલી કાર ઝડપાઈ


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

જિલ્લાના ઈન્ચાર્જ પોલીસવડાની સુચનાના પગલે બુધવારે જિલ્લા એલ.સી.બીના પોલીસ ઈન્સ્પેકટર જે એચ સિંધવ, તથા પ્રો.પો.સ.ઈ. એન.એન.પરમાર તથા ટીમના પ્રવિણસિંહ, નરેશભાઈ, પ્રકાશચંદ્ર, દિગ્વિજયસિંહ, ભરતભાઈ, ધેગાજી, લક્ષ્મણસિંહ થરાદ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા.દરમ્યાન ખાનગી બાતમી મળતાં થરાદના ચારડા ગામની સીમમાં બપોરના સુમારે નાકાબંધી વૉચ ગોઠવી હતી. દરમ્યાન એચએચ. ૦૨. એએલ.૩૧૨૩ નંબરની એસન્ટ કાર આવતાં તેને ઉભી રહેવા માટે ઈશારો કર્યો હતો.જોકે પોલીસ નાકાબંધી જોઈ કારનો ચાલક રણજીતસિંહ બળવંતસિંહ ચૌહાણ રહે.ચારડા તા.થરાદ કાર મૂકી નાસી છુટ્યો હતો.પોલીસે જઈ કારમાં તપાસ કરતાં રૂ. ૯૬,૦૦૦ની કિંમતની વિદેશી દારૂ બોટલ ૯૬૦ મળી આવી હતી.પોલીસે ૫૦,૦૦૦ ની કાર સહિત કુલ મુદામાલ કિ.રૂ. ૧,૪૬,૦૦૦નો કબજે લીધો હતો.તથા કારચાલક તથા અન્ય બે ઈસમો સામે થરાદ પોલીસમથકમાં પ્રોહિબિશન એકટ હેઠળ કાર્યવાહી હાથ ધરી હતી.

## થરાદની દેના બેંકના કર્મચારીએ ગ્રાહક સાથે ઉદ્ધત વર્તન કરતાં ચકચાર

પ્રતિનિધિ થરાદ

થરાદ:થરાદ શહેરમાં આવેલી દેના તથા રાષ્ટ્રીયકૃત બેંકમાં છાસવારે ગ્રાહકો અને કર્મચારીઓ સાથે ઉદ્ધત વર્તનના બનાવો બનતા હોયછે.તેમાં વધુ એક ધટનાનો ઉમેરો થયાની મળેલી માહિતી મુજબ તાલુકાના લુણાવા ગામના એક ગ્રાહક બેંકમાં કામકાજ માટે જતાં બેંકના કર્મચારી દ્વારા તેમની સાથે માથાકુટ કરીને તેમનાં કાગળ પણ ફાડી દીધા હતા.આ બનાવથી પંથકમાં ચકચાર મચવા પામી હતી.જ્યારે આજે ગુરુવાર હોઈ વાવ તાલુકાના એક ખેડુતની અકસ્માતે ૫૦૦ના દરની ૩૦ હજારની ચલણી નોટો દાઝી જવા પામી હતી.જેને બદલવા માટેની સાચી સલાહ આપવાના બદલે ત્રણ બેંકોના કર્મચારીઓ દ્વારા તેમને જે તે બેંકમાં દોડાવાયા હતા.આખરે નગરની મુખ્ય એસબીઆઈમાં આવતાં તમારે રિઝર્વ બેંકમાં જવું પડશે તેમ કહીને નિરાશ કરવામાં આવ્યા હતા.આથી તેમનામાં પણ બેંકની સેવાઓને લઈને ભારે રોષની લાગણી ફેલાવા પામી હતી.

## થરા ખાતે ભારત- પાકિસ્તાન મૈત્રી -શાંતિ પદયાત્રીનું આગમન



યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

ભારત- પાકિસ્તાન જુદા પડ્યા પછી નેતાઓ અધિકારીઓ વાર્તાલાપના નામે એકબીજા સાથે જલસા કરે ને પ્રજાને વિસ્તાર સતત માનસિક તણાવમાં રહ્યા કરે છે. ખરેખર ભારત-પાકિસ્તાનની પ્રજા યુદ્ધ નથી ઈચ્છતી પણ ભાઈચારો, પ્રેમ- શાંતિની જ્યોત જલાવા તલવલી રહી છે. ભારત-પાકિસ્તાન વચ્ચે મૈત્રી- શાંતિનો ધોધ વહે તેવા ઉદ્દેશ સાથે રેમન મેગ્સેસ એવોર્ડ વિજેતા સંદીપ પાંડે અને વિશ્વ ગ્રામ સંસ્થાના સંજય તુલા દ્વારા અડાલજ- અમદાવાદથી ભારત- પાકિસ્તાનના સીમાડે આવેલ નડાબેટની મૈત્રી શાંતિ પદયાત્રા તા. ૧૯/૬/૧૮ થી કાઢવામાં આવી જે પાટણ જિલ્લાના રોડા ગામે થઈ બનાસકાંઠાના કાંકરેજ તાલુકાના સંતશ્રી સદારામ બાપુના ધામ ટોટાણા ખાતે પહોંચી ત્યારે ત્યાં ભવ્ય સ્વાગત કરી સંતશ્રી સદારામ બાપુના આશ્રમે થોડો વિશ્રામ કરી થરા તરફ પ્રયાણ કર્યું હતું. થરા નગર ખાતે પહોંચતા ડૉ.કે.પી.ઠક્કર, યશપાલસિંહ વાઘેલા, ગોપાલભાઈ જોષી, રમેશભાઈ ત્રિવેદી, ધનજીભાઈ સિંધવ, પ્રવિણભાઈ પટેલ, પ્રહલાદભાઈ આચાર્ય, કિશોરભાઈ ગોકલાણી તથા શિક્ષક મિત્રોએ ઉત્સાહભેર આવકાર્યા હતા ને અમીધારા ટાઉનહોલ ખાતે વિશ્રામ બાદ મીટીંગ રાખી ચર્ચા- વિચારણા કરેલ. સવારે થરા કોલેજ ખાતે પ્રિન્સીપાલ ડૉ.દિનેશભાઈ એસ.ચારણે આવકારી પ્રવચન રાખેલ. ત્યાંથી દિયોદર તરફ પ્રયાણ કરતાં બપોરે દેવદરબાર જાગીરમઢ ખાતે તાજેતરમાં પાકિસ્તાન જઈ આવેલા ૧૦૦૮ મહંત શ્રી બળદેવનાથજી મહારાજે આ યાત્રાના સંદીપ પાંડે સાથે ચર્ચા વિચારણા કરી ભોજન પ્રસાદ વિશ્રામની વ્યવસ્થા કરેલ. વિશ્વ ગ્રામ સંસ્થાના સંજયભાઈ ભાવસાર તથા તુલાબેન પણ પદયાત્રીકોને પ્રોત્સાહિત કરવા પધાર્યા હતા. કાંકરેજ તાલુકામાં પરાગ પેટ્રોલ પંપના માલિક ફરસુભાઈ અખાણી તથા વાલપુરાના પૂર્વ સરપંચ નવિનભાઈ ઠક્કરે તમામ ખર્ચ અને આયોજન કર્યું હતું.

**પાલનપુર ખાતે કલેકટરના અધ્યક્ષસ્થાને**

## નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

પાલનપુર

પાલનપુર મુકામે કલેકટર સંદીપ સાગલેના અધ્યક્ષસ્થાને બનાસકાંઠા જીલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં કલેકટ-રએ જણાવ્યું કે નાગરિકોને જીવન જરૂરીયાતની વસ્તુઓ પુરતા પ્રમાણમાં અને સમયસર મળવી જોઈએ. તેમણે કહ્યું કે રેશનકાર્ડ ધારકોના રેશનકાર્ડમાં જરૂરી સુધારા સંબંધી કાર્યવાહી પણ નિયમો અનુસાર સમયસર થાય એ જરૂરી છે. બેઠકમાં અન્ન સલામતિ જથ્થાના કેસોની તથા પુરવઠા વિષયક કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

જીલ્લી પુરવઠા અધિકારી એસ. જે. ચાવડાએ સમિતિ સમક્ષ તમામ વિગતો રજુ કરી હતી. બેઠકમાં પંડિત દીન દયાલ ગ્રાહક ભંડારનાં સ્થલળ બદલવા બાબત, સરકારના ઠરાવ અનુસાર વસતિનું ધોરણ ન થવાથી નજીકની અન્યં દુકાન સાથે કાયમી મર્જ કરવા બાબત, પંડિત દીન દયાળ ગ્રાહક ભંડાર ઈએફપીએસ કરવા બાબત, અન્ન સલામતિ કાયદા અન્વવયે પુરવઠાની ઉપલબ્ધીળ અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકમાં ધારાસભ્યો શશીકાંતભાઈ પંડ્યા, જિજ્ઞેશભાઈ મેવાણી, નથાભાઈ પટેલ, કાંતિભાઈ ખરાડી, શિવાભાઈ ભૂરિયા, સહીત સમિતિના સભ્યઓ ઉપસ્થિષત રહ્યા હતા.

## કોમવાદ ફેલાવવાની કોંગ્રેસની વેરઝેરની ભાષા : ભરત પંડ્યા

અમદાવાદ

સાર્વભૌમ રાષ્ટ્રનું નિર્માણ કરનાર સરદાર વલ્લભભાઈ પટેલ પર કોંગ્રેસ નેતા સૈફુદ્દીન સોઝે કરેલ અશોભનીય નિવેદન પર સમગ્ર ગુજરાત રાજ્યમાં બધા જ જિલ્લામાં ધરણા, દેખાવો અને પુતળા દહન દ્વારા વિરોધ પ્રદર્શનના કાર્યક્રમો યોજાયા હતા. ડભોઈ ખાતે યોજાયેલા કાર્યક્રમ અંતર્ગત ગુજરાત ભાજપ પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ મિડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, જ્ઞાતિવાદ, કોમવાદ ફેલાવવાની કોંગ્રેસની વેરઝેરની ભાષા છે. નર્મદા યોજનામાં સતત રોડા નાંખીને નર્મદાને રોકવાની કોંગ્રેસની ભાષા નર્મદા વિરોધી છે. કોંગ્રેસની ભાષા ગુજરાત અને ગુજરાતના નેતૃત્વ વિરોધી છે. સર્જિકલ સ્ટ્રાઈક સમયે કોંગ્રેસની ભાષાએ પાકિસ્તાનની ભાષા હતી હવે, કાશ્મીરના મુદ્દે કોંગ્રેસ લશ્કરે તોઈબાની ભાષા બોલે છે. પંડ્યાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના પૂર્વ કેન્દ્રીયમંત્રી સૈફુદ્દીન સોઝે સરદાર પટેલ સાહેબની અખંડિતતા અને દેશભક્તિ ઉપર સવાલો ઉભો કરીને હદ કરી નાંખી છે.

અનુસંધાન પાના નં.૬

## ગુજરાતમાં ૨૦૧૪માં નોટામાં ચાર લાખથી વધારે મતો પડ્યા

અમદાવાદ

દેશમાં વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. દેશના જુદા જુદા રાજ્યોમાં રાજકીય પક્ષો ચોકઠાઓ ગોઠવી રહ્યા છે. ભાજપની સામે સગવડિયા ગઠબંધનો બનાવવાની કવાયત ચાલી રહી છે. ગુજરાતમાં ભાજપ ૨૬ બેઠકો જાળવી રાખવાની કવાયત કરી રહ્યુ છે. આ તરફ કોંગ્રેસ પાર્ટી ૨૬માંથી વધુને વધુ બેઠકો આંચકી લેવા માટે પ્રયાસ કરી રહી છે. ચૂંટણીના પ્રારંભી થઈ રહેલા ચકરાવાની વચ્ચે વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીની કેટલીક રસપ્રદ થઈ રહેલી બાબતો આંકડાના માધ્યમથી સ્પષ્ટ થઈ રહી છે. લોકસભાની વર્ષ ૨૦૧૪ની ચૂંટણીમાં ચાર લાખ ૪૦ હજાર ૮૧૦ ગુજરાતી મતદારોએ ૨૬ લોકસભા બેઠકોમાં નોટામાં મત નાંખ્યા હતા. દાહોદ લોકસભા બેઠક પર સૌથી વધારે ૩૨૩૦૫ મત નોટામાં પડ્યા હતા. જામનગર લોકસભા બેઠક પર ૬૫૮૮ મત સૌથી ઓછા નોટામાં પડ્યા હતા. લોકશાહીમાં મતદાન એ સૌથી મોટો અધિકાર મતદારોને મળેલ છે. મતદારોએ પોતાના મતનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ. મતદાર એ લોકશાહીના પ્રાણ તરીકે છે. લોકશાહી શાસન વ્યવસ્થા ધરાવતા આપણા ભારત દેશમાં મતદાનને પવિત્ર ઉપજ ગણવામાં આવે છે. આ અંગે રાજકીય વિશ્લેષક અને ભાજપના નેતા ડો. જગદીશ ભાવસારને પુછવામાં આવતા તેઓએ કહ્યુ હતુ કે ચૂંટણીમાં દરેક મતદારોઅપક્ષ અને નોટાને મત કરવાથી દુર રહીને રાજકીય પાર્ટીના ઉમેદવારને જ મતદાન કરવુ જોઈએ અને લોકશાહીની સુરક્ષા કરવી જોઈએ. મતદાન ખુબ ઉપયોગી બાબત છે. તેમણે ભારતના ઉજ્જવળ ભાવિના નિર્માણ માટે અચુક મતદાન કરવા તમામ મતદારોને અપીલ કરી હતી. છેલ્લી લોકસભાની ચૂંટણી પર નજર કરવામાં આવે

અનુસંધાન પાના નં.૬

## ટચુકડી જાહેરાત

**એસ.સી.ડબલ્યુ હાઈસ્કૂલ, ડીસા શાળા સંકુલની વિદ્યાર્થી કેન્ટીન નિયત સમય માટે ભાડેથી ચલાવવા આપવાની છે. શાળા / સંચાલક મંડળના નિતી નિયમો અનુસાર ચલાવવા ઈચ્છતાઓએ તેમની ઓફરો ડીટેઈલ સ્વનોટીફીકેશન/સર્વિસ સિસ્ટમ સાથેની વિગતો સાથે તા.૩૦/૦૬/૨૦૧૮ સુધીમાં શાળાને રજી.પોસ્ટ.એડીથી મોકલી આપવાની રહેશે.**

**આચાર્ય**

**સર ચાર્લ્સ વોટ્સન હાઈસ્કૂલ ડીસા, બનાસકાંઠા**

# તંત્રી સ્થાનેથી ...

**તુલસી પંછિન કે પિયે ઘટૈ ન સરિતા નીર, ધર્મ કિયે ધન ના ઘટે, કરે સહાય રઘુવીર.**

## સામાજીક ગુન્હાખોરીને પડકારવા સબળ નીતિ ઘડાવી જોઈએ

વિશ્વભરના તમામ દેશોમાં મહિલાઓ પરના આત્યાચાર સંદર્ભે આજદિન સુધી કોઈ વ્યુહાત્મક નીતિ કે આયોજન કરાયું નથી. આ એક ગંભીર બાબત કહી શકાય. વર્તમાન સંજોગોમાં ઉચ્ચ કક્ષાના લોકો પણ મહિલાઓની જાતિય- સતામણી કરતાં શરમ અનુભવતા નથી. ભલેને સિરિયા હોય કે અફઘાનિસ્તાન પાકિસ્તાન હોય કે સોમાલિયા મહદ્ અંશે આ પ્રકારના દેશોમાં સ્ત્રીઓ પર થતા અત્યાચારોને આંતરરાષ્ટ્રીય મીડિયામાં ખાસ સ્થાન અપાતું નથી.

દરમ્યાન નાઈજિરીયામાં ''બોકો હરામ'' નામની ત્રાસવાદી સંસ્થા(સંગઠન) ના આતંકવાદીઓને પોલીસ પડકારી શકી નથી. નાઈજીરિયાના આ આતંકવાદીઓ શાળામાં અભ્યાસ કરતી કિશોરીઓને ઉઠાવી જઈને તેમની પર બેરહેમ દુષ્કર્મ આચરતા હોય છે, અને તેઓનું શોષણ કરે છે. આ બાબત જગ જાહેર છે. ભારતમાં પણ મહિલાઓ પરના અત્યાચારો વધ્યા છે. ઘરેલુ હિંસાના બનાવોની પોલીસ દ્વારા ભાગ્યે જ તપાસ થતી હશે છતાં મહિલાઓ મુંગે મોએ બધું સહન કરતી આવી છે. ત્યારે સરકારે આ બાબતે રસ દાખવીને મહિલાઓ પર અત્યાચાર ગુજારનારા તત્વોને પડકારવા આગળ આવવું જોઈએ.

ભારત જેવા રાષ્ટ્રમાં બાળકો અને બાળકીઓ ગુમ થવાના કિસ્સા વધ્યા છે. દિલ્હી જેવા શહેરમાં દર ત્રણ મિનિટે એક દુષ્કર્મનો બનાવ બને છે. છતાં આ બાબતે જે રીતના તકેદારીના પગલા ભરાવા જોઈએ તે ભરાતા નથી. આ બાબતે પોલીસ નિષ્ક્રિય હોય તેવું સ્પષ્ટ જણાય છે. ત્યારે નારીવાદી સંસ્થાઓ ભલે ગમે તેટલા બૂમબરાડા પાડે પરંતુ તેમનું કોઈ સાંભળનાર નથી.

છેલ્લા બે વર્ષથી સિરિયામાં આઈ.એસ.સંગઠન દ્વારા જે હુમલાઓ થયા છે. તેમાં ઘણા લોકો માર્યા ગયા છે. અસંખ્ય સ્ત્રીઓ ગુમ થઈ છે. બાળકો નિરાધાર બન્યા છે. આ પણ ગંભીર બાબત હોવા છતાં વિશ્વના કોઈ રાષ્ટ્ર તરફથી આઈ.એસ.સંગઠનને પડકારી શકાયું નથી.

વર્તમાન સંજોગોમાં ખુદ ભારત સરકારનો રેકોર્ડ કહે છે કે વર્ષ ૨૦૦૬ થી ૨૦૧૬ સુધીમાં ભારતમાં મહિલાઓ વિરૂધ્ધ અત્યાચારો અપરાધોની સંખ્યામાં ૮૦ ટકાનો વધારો વર્ષ ૨૦૧૬ માં ભારતમાં દુષ્કર્મના ૪૦,૦૦૦ થી વધુ કેસો નોંધાયા હતા.

નેશનલ ક્રાઈમના સર્વે અનુસાર ભારતમાં દર કલાકે ચાર મહિલાઓ દુષ્કર્મનો ભોગ બને છે. છેડતી ફરજીયાત વેશ્યાવૃત્તિ, જાતિય સતામણી, ગૃહ કંકાસ, સાસરી પક્ષ તરફથી પરિણીતાઓને મારપીટ અને ત્રાસ સહન ન થતાં મહિલાઓના આત્મહત્યાના બનાવો પણ સામાન્ય થઈ પડ્યા છે. પરણ્યા પછી વર્ષો સુધી આંસુ સારતી સ્ત્રીનું જીવન જીવન- મૃત્યુ વચ્ચે ઝોલા ખાઈ રહ્યું છે. ત્યારે માનવતાની વાતો કરનાર લોકો ક્યાં અદ્રશ્ય થઈ ગયા છે, એ જ સમજાતું નથી.

ભારતમાં સ્ત્રી- પુરુષ સમોવડી છે છેલ્લા બે દાયકાથી યુવતીઓનો અભ્યાસ અને તેમનું પરફોર્મન્સ ઉડીને આંખે વળગે એ હદે સુધરી રહ્યું છે, રાજકારણ, સમાજકારણ સહિત તમામ ક્ષેત્રમાં મહિલાઓ આગળ આવી રહી છે. મહિલા ડિરેક્ટરથી માંડીને મહિલા સીઈઓની સંખ્યા ભારતમાં વધી રહી છે, આજકાલ કોઈ સભ્ય સમાજમાં હિંસાની નાની મોટી ઘટનાઓ અચૂક બનતી હોય છે, જે નિંદનીય છે આજે ઘણા સમાજમાં દહેજથી માંડીને સ્ત્રી ભૃણ હત્યાઓના બનાવોને મૂળમાંથી પડકારવાના પ્રયત્નો થવા જોઈએ.

## હ્યુન્ડાઈ 'યાદગાર ક્ષણો' સાથે ૨૦ વર્ષના પ્રવાસની ઊજવણી કરે છે

દેશની બીજાક્રમની સૌથી મોટીકાર ઉત્પાદક અને સ્થાપનાના સમયથી જ સૌથી મોટી નિકાસકાર હ્યુન્ડાઈમોટરઈન્ડિયાલિ. (એચએમઆઈએલ) એ ભારતીય બજારમાં ઉત્પાદન અને વેચાણના ૨૦ વર્ષ પૂરા થવાની ઊજવણી કરતાં નવીન, ભાવનાત્મક અને યાદોન તાજી કરતું યાદગાર ક્ષણો સાથે હ્યુન્ડાઈ (બ્રિલિયન્ટ મોમેન્ટ્સ વીથ હ્યુન્ડાઈ - બીએમએચ) અભિયાન લોન્ચ કર્યુંછે. હ્યુન્ડાઈના વારસા અને ૫૫ લાખથી વધુ મૂલ્યવાન ગ્રાહકોનો આભાર માનવા ભાવનાત્મક રીતે જોડતું બ્રિલિયન્ટ મોમેન્ટ્સ વીથ હ્યુન્ડાઈ (બીએમએચ) અભિયાન હ્યુન્ડાઈના બધાજ ગ્રાહકોને જૂની યાદોમાં ખેંચીજશે. બ્રિલિયન્ટ મોમેન્ટ્સ કેમ્પેન હ્યુન્ડાઈના બધા જ ટચપોઈન્ટ્સ પર વિવિધ અનુભવશીલ માર્કેટિંગ, વેચાણ અને સર્વીસ પહેલો મારફત અજોડ અનુભવ પૂરો પાડશે અને સેન્ટ્રો, એસેન્ટ અને આઈ ૧૦ ના ગ્રાહકોને તેમની યાદગાર ક્ષણો શેર કરવા આમંત્રણ આપવામાં આવશે.પ્રથમ તબક્કામાં, ૨૭ જૂનથી ૩૧ મી જુલાઈ વચ્ચે હ્યુન્ડાઈ બે ભાવનાત્મક જોડાણ કરતી ફિલ્મો 'ધ ડીલ વીથ એસેન્ટ' અને 'આર્મી વીથ સેન્ટ્રો' રજૂ કરશે અને સોશિયલ મીડિયા તથા ડિજિટલ પ્લેટફોર્મ્સ પર તે પ્રમોટકરાશે.

કુશળતા બતાવવા માટે મંચ આપવાનો ધ્યેય ચાલુ પ્રાપ્ત કરાવવાનું ચાલુ રાખ્યું છે. ગયા વર્ષે ટુ-વ્હીલર મેકેનિક સમુદાય પાસેથી અમને પ્રાપ્ત હકારાત્મક પ્રતિસાદ જોતાં અમે ઈવેન્ટનું કાર્યક્ષેત્ર વધારતાં ચુનંદાં શહેરોના કાર મેકેનિક્સને પણ સમાવિષ્ટ કરવાનું ચાલુ રાખ્યું છે. કેસ્ટ્રોલ સુપર મેકેનિક સ્પર્ધાનો હેતુ આધુનિકતા અને ટેકનિકલ ગૂંચનાં વાહનો હથ ધરવા માટે તૈયાર કરવાનો અને આ રીતે ગ્રાહકો અને ઉપભોક્તાઓને વધુ વિશ્વસનીય અને કાર્યક્ષમ સેવા પૂરી પાડવા માટે તૈયાર કરવાનો છે.

કેસ્ટ્રોલ સુપર મેકેનિક્સ ભારતની સૌથી વિશાળ મેકેનિક્સ જ્ઞાન પરીક્ષણ અને કુશળતા વધારવાની સ્પર્ધા છે. તેમાં કોલ-ઈન આધારિત ભરતી રાઉન્ડ, રાષ્ટ્રીય ફાઈનલ રાઉન્ડમાં સ્પર્ધા કરવા માટે ઉત્તમ મેકેનિક્સ પસંદ કરવા માટે પ્રાદેર્મન્સ માટે વૈશ્વિક માન્યતાપ્રાપ્ત છે.

**આત્મચિંતન**

## જીવન મળ્યું કેમ ? સમજો તો..

વાસનાઓની પુર્તિ ક્ષણિક હોય છે બીજી જ ક્ષણે બમણા વેગથી ફરીથી ઉભરો આવે છે. તેની પુર્તિમાં પ્રસન્નતા અનુભવવી એવી જ છે કે જેમ કુતરો સુકુ હાડકું ચાવતા પોતાના જ જડબાને ઘાયલ કરી નાખે છે. તેમાંથી ટપકતા લોહીના સુકા હાડકાનો રસ માને છે. 'ચટાકણાપણું' અને કામુકતાની લલકને પુરી કરવાનો પ્રયત્ન કરવો એ મૂર્ખ કુતરા સમાન છે. જે પોતાનું જ જડબું ઘાયલ કરતો જાય છે અને લાભ કમાવવાનું વિચારે છે. ખરજવાને ખણીને લોહીલુહાણ કરી નાખનાર જેમ જ વિષયાસક્તિ છે તેનાથી મનુષ્ય પોતાની જ જીવનની શક્તિને નિચોવીને ખોખલો થઈને બેમૌત મરે છે.

લોભ, અહંકાર, વાસના, તૃષ્ણા અને મોટાઈ જેવી વિડંબનાઓ શરૂથી અંત સુધી મનુષ્યના માથે ભુતપ્રેતની માફક ચઢેલી રહે છે અને ઉંડા નશાની જેમ વિચારશીલતાને કુંઠીત કરતી રહે છે.

મનને સમજાવવું જોઈએ કે જીવન ઈશ્વરની સર્વોપરી કલાકૃતિ છે તે અમાનતના રૂપમાં કોઈ મહાન પ્રયોજન માટે મળેલ છે. તેને

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## કેસ્ટ્રોલ સુપર મેકેનિકની બીજી આવૃત્તિમાં ૧૫ લાખ કોલ- ઈન્સ નોંધાયા

કેસ્ટ્રોલ સુપર મેકેનિક સ્પર્ધાની બીજી આવૃત્તિ ભારતમાં ગયા વર્ષે રજૂ કરાઈ તેના કોલ- ઈન્સમાં લગભગ ૬૬ ટકાનો વધારો થયો છે, જ્યારે આ અજોડ ઈવેન્ટમાં ભાગ લેવા નોંધણી કરાવનાર મેકેનિક્સની સંખ્યામાં ૫૫ ટકા વધારો થયો છે.

કેસ્ટ્રોલ સુપર મેકેનિક સ્પર્ધા અજોડ ઈવેન્ટ છે, જે મેકેનિક્સને તેમની કુશળતા અપગ્રેડ કરવા, વાહન ક્ષેત્ર તેમ જ લુબ્રિકન્ટ ઉદ્યોગમાં નવા પ્રવાહો અને ટેકનોલોજીઓ વિશે જ્ઞાન અને માહિતી મેળવવા માટે તક આપે છે. તે મેકેનિક્સને તેમની કુશળતા બતાવવા અને જાહેર મંચ પર સન્નાનિત થવાની તક આપે છે. ૨૦૧૭માં ટુ- વ્હીલર મેકેનિકો માટે યોજાયેલી ઈવેન્ટની ભવ્ય સફળતા પર નિર્મિત આ કાર્યક્રમે આ વર્ષે વિસ્તરણ કરીને કાર મેકેનિકોને પણ સામેવ કર્યા હતા. જોકે કાર ઈવેન્ટ મુંબઈ અને દિલ્હી એમ બે શહેર પૂરતી મર્યાદિત છે ત્યારે ટુ૦ વ્હીલર ઈવેન્ટ ૮ શહેરમાં યોજાશે (દિલ્હી, જયપુર, લખનૌ, કોલકતા, હૈદરાબાદ અને બેન્ગલોર).આ સ્પર્ધા એપ્રિલ ૨૦૧૮માં ઈન્ટરએક્ટિવ વોઈસ રિસ્પોન્સ (આઈવીઆર) કોલ- ઈન ચરણ સાથે શરૂ થઈ હતી, જેમાં મેકેનિકોએ બાઈકની જાળવણીની પ્રક્રિયા સંબંધમાં ટેક્નિકલ પ્રશ્નોના ઉત્તરો આપવાનું આવશ્યક હતું. ચાર પ્રદેશ (ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ)માંથી ટોપ ૬૦૦ મેકેનિકો બીજા રાઉન્ડ માટે પાત્ર બનશે, જ્યાં તેમને ટુ- વ્હીલરની જાળવણી સંબઁધી વિવિધ થિયોરેટિકલ અને પ્રેકટિકલ પ્રોબ્લેમ્સનો ઉકેલ લાવવાનો રહેશે. આ પ્રાદેશિક દરેક રાઉન્ડ્સમાંથી ટોપ ત્રણ ક્વોલિફાયરો રાષ્ટ્રીય ફાઈનલમાં ભાગ લઈ શકશે, જે મુંબઈમાં કાર માટે ઓગસ્ટ ૨૦૧૮ અને બાઈક માટે ઓક્ટોબર ૨૦૧૮માં યોજાશે.

## ગુજરાતમાં અપાર પેકેજીંગે નવી સુવિધા શરૂ કરી

એર બબલ પેકેજીંગ મટીરીયલ્સના પાયોનિયર અને પ્રતિષ્ઠત મેન્યુફેક્ચર્સ પૈકીની એક, નોઈડા સ્થિત અપાર પેકેજીંગ પ્રાઈવેટ લિમિટેડે, ગુજરાતના મહેસાણા જીલ્લાના કડી ખાતે નવી સુવિધા ખોલી છે. નવી સુવિધા એ દેશના પશ્ચિમી વિસ્તારમાં તેના બિઝનેસ ક્ષિતિજને વિસ્તૃત કરવાના કંપનીના પ્રયાસનો ભાગ છે. અપાર પેકેજીંગના મેનેજમેન્ટ મુજબ, આ પહેલ કંપનીને હાલના ગ્રાહકોની સાથે પોતાની સેવાઓને પૂરક કરવામાં મદદ કરશે, જેમણે હાલમાં જ ગુજરાતમાં તેમના બિઝનેસનો વિસ્તાર કર્યો છે. "નવીનત્તમ ટેકનોલોજી અને અદ્યતન મશીનોનો ઉપયોગ કરીને, અમે પેકેજીંગ ઈન્ડસ્ટ્રીઝમાં વૃદ્ધિ પ્રાપ્ત કરી છે. તાજેતરના વર્ષોમાં, ગુજરાતમાં ઉદ્યોગોમાં વિકાસની દ્રષ્ટિએ ટોચની સરકારી નીતિઓ જોવા મળી છે. હોન્ડા, મારૂતિ, ટાટા વગેરે જેવા ઘણાં સંગઠનોએ ગુજરાતમાં તેમના પ્લાન્ટ સ્થાપ્યાં છે. બેઝ સ્થાપવા માટેનો અમારો નિર્ણય આપણાં હાલના ગ્રાહકોમાંથી કેટલાંક લોકોને પૂરો પાડવાનો છે અને ત્યાં પેકેજીંગ મટીરીયલ્સની વધતી જતી માંગને પૂરી કરવાનો છે..

### બ્લુ સ્ટારે વિસ્તારી અનોખી - ઈમ્યુનોબુસ્ટ ટેક્નોલોજી – વાળા સ્ટાઈલિશ અને વિવિધતાવાળા ઘરવપરાશના વોટર પ્યોરિફાયરની શ્રેણી , નાણાકીય વર્ષ ૧૯માં ગુજરાતમાં ૧૭૫ સ્ટોર્સનું લક્ષ્ય



બ્લુ સ્ટાર લિમીટેડે આરઓ, યુવી, આરઓ+ યુવી અને આરઓ+ યુવી+ યુએફ ટેક્નોલોજીસવાળા વિવિધ કિંમતમાં સ્ટાઈલીશ અને વિવિધતા ધરાવતા વોટર પ્યોરિફાયર્સ પ્રસ્તુત કર્યા છે. આ મોડેલમાં નૂતન અને અનોખી ઈમ્યુનોબુસ્ટ ટેક્નોલોજી વાપરવામાં આવી છે. આ ટેક્નોલોજી આલ્કલાઈન એન્ટિઓક્સડન્ટ જળ પૂરું પાડે છે જે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારે છે અને શરીરને તંદુરસ્ત રાખવામાં અને સુચારું રીતે કામ કરવામાં મદદ કરે છે. ઈમ્યુનોબુસ્ટ ટેક્નોલોજી વડે શુદ્ધ થયેલું જળ આલ્કલાઈન ખનિજ અને હાઈડ્રોજનથી ભરપૂર છે જે મેટાબોલિઝમને સમતોલ રાખે છે. આ જળ શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધારવાની સાથે તેને જરૂરી ખનિજ ઉમેરીને શુદ્ધ, ભરપૂર તત્વથી પોષણ આપે છે, જેનાથી પીએચ બેલેન્સ વધે છે અને જળ ઝેરી તત્વોથી મુક્ત બને છે.તેની ઓળખ મહત્વકાંક્ષી અને આધુનિક બ્રાન્ડ તરીકે પ્રસ્થાપિત થઈ છે. ત્યારે આ કંપની ઘરવપરાશ માટેના વોટર પ્યોરિફાઈંગ ક્ષેત્રે એ વિશ્વાસ સાથે પ્રવેશી કે તેના આટલા વર્ષોમાં સંપાદન કરેલા વિશ્વાસના આધારે તે નોંધપાત્ર વિકાસ કરશે.પાણીની ગુણવત્તા કથળતી જતી હોવાથી પાણીજન્ય રોગો વધી રહ્યાં છે અને ભૂગર્ભ જળનો વધુ વપરાશ થઈ રહ્યો છે. આ જળમાં અશુદ્ધિનું પ્રમાણ વધુ છે. આ કારણોને લઈ વોટર પ્યોરિફાઈંગનું બજાર વિસ્તરી રહ્યું છે.

## ગંગા ફૌર્જિંગ લિમિટેડ આવી રહી છે ૨૩,૮૨,૦૦૦ શેર ના આઈપીઓ સાથે



ઈશ્યુ પહેલા ની ચુકવેલી મૂડી ૫૫,૬૫,૩૩૧ ઈકવીટી શેર છે જે અંદાજે રૂ. ૫૫૬.૫૩ લાખ ની છે. નવા ઈશ્યુ થી ૨૩,૮૨,૦૦૦ ઈકવીટી શેર ઉભા થશે જેનો ભાવ અંદાજે રૂ. ૨૩૮.૨૦ લાખ હશે. જે થી ઈશ્યુ પછી ની ચુકવેલી મૂડી ૭૯,૪૭,૩૩૧ ઈકવીટી શેર ના અંદાજે ભાવ રૂ. ૭૯૪.૩૧ લાખ થશે. ઈશ્યુ પહેલા પ્રોમોટર અને પ્રોમોટર ગ્રુપ નો ભાગ ૯૬.૫૮% છે જે ઈશ્યુ પછી ૬૭.૬૩% રહેશે અને અન્ય નો ભાગ ૩.૪૨% છે જે ઈશ્યુ પછી ૩૨.૩૭% રહેશે. કંપની આ ઈશ્યુ થકી ઉભા કરાયેલા નાણાં માં થી રૂ. ૪૬૦.૧૨ લાખ નો ઉપયોગ કલોસડ ડાઈ ફૌર્જિંગ ના ઉત્પાદન પ્લાન્ટ માટે કરશે અને બાકી રકમ અન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરશે. કંપનીએ વર્ષ દર વર્ષ ઉચ્ચ કામગીરી અને આવક નોંધાવ્યા છે. નાણાકીય વર્ષ ૨૦૧૬ માં કંપની ની કુલ આવક રૂ. ૧,૭૬૯ લાખ હતી જે નાણાકીય વર્ષ ૨૦૧૭ માં રૂ. ૧,૭૭૯ લાખ રહી. કંપની ના કરવેરા અને અન્ય ખર્ચા બાદ કરાયા પહેલા ની આવક (EBITDA) રૂ. ૧૩૨ લાખ કાંતિ જે નાણાકીય વર્ષ ૨૦૧૭ માં રૂ. ૧૬૬ લાખ રહી. તેમજ કર-વેરા પછી નો નફો (PAT) નાણાકીય વર્ષ ૨૦૧૬ માં રૂ. ૨૫ લાખ હતો જે નાણાકીય વર્ષ ૨૦૧૭ માં રૂ. ૪૮ લાખ રહ્યો. ગંગા ફૌર્જિંગ લિમિટેડ ની સ્થાપના વર્ષ ૧૯૮૮ માં ગુજરાત માં થઈ હતી. કંપની ઓટોમોટિવ અને બિન-ઓટોમોટિવ ક્ષેત્ર માટે કલોસડ ડાઈ ફોર્જ્ડ ઉત્પાદનો બનાવે છે. ઓટોમોટિવ ક્ષેત્ર માં વ્યવસાયિક વાહન, પ્રવાસી વાહન, ત્રી-ચક્રીય વાહન અને ટ્રેક્ટર નો સમાવેશ થાય છે.

**સોમનાથ મહાદેવના દિવ્ય મંદિરે**

## 'તારક મેહતા કા ઉલ્ટા ચશ્મા'ના ટીવી સીરિયલના ૨૫૦૦ એપિસોડ પૂરા થતા નિર્માતા દ્વારા મહાપૂજા, ધ્વજારોહણ



અમદાવાદ

નિલા ટેલિફિલ્મ્સ દ્વારા પ્રસ્તુત સોની સબ ઉપર વિશ્વ વિખ્યાત સિરિયલ તારક મેહતા કા ઉલ્ટા ચશ્મા સિરિયલના ૨૫૦૦ એપિસોડ પૂરા થતા નિર્માતા આશિતકુમાર મોદી દ્વારા ગુજરાત રાજ્યમાં આવેલું પ્રસિદ્ધ જ્યોતિલિંગ સોમનાથ મહાદેવ મંદીરે ભોલેનાથની પૂજા અને અર્ચના કરી ભક્તિભાવ સાથે મહાપૂજા અને ધ્વજારોહણ કરાયુ છે. સૌથી પ્રસિદ્ધ જ્યોતિલિંગ શ્રી સોમનાથ મંદિરે લોકપ્રિય સીરીયલ તારક મેહતા કે ઉલ્ટા ચશ્માના નિર્માતા દ્વારા મંદિર ના પરિષદ માં શૂટિંગ પણ કરવમા આવયુ હતું, અને સીરીયલ ની ટિમ દ્વારા ભાવમય સુપ્રભાતની મહાઆરતી કરી દર્શન કર્યા હતા. સીરીયલના નિર્માતા આશિતકુમાર મોદી અને સીરીયલમાં પ્રખ્યાત કલાકાર પોલીસનો અભિનય કરનાર દયાશંકર પાંડે તેમજ સીરિયલ ના ડિરેક્ટર સાથે બીજા બધા જોડાયેલ દરેક સભ્યો દ્વારા સતત ૮ કલાકની મહાપૂજામાં ઉપસ્થિત રહી ધ્વજારહણ કરવામાં આવયુ હતું અને સિરિયલ વધારે સફ્ળતા સાથે આગળ વધે તેવા આશીર્વાદ લીધા હતા. મંદિર માં વિવિધ સ્થાનોમાં શૂટિંગ પણ કરવામાં આવ્યું હતું. અને આવેલ અલગ અલગ રાજ્યોમાંથી હાજર દર્શનાર્થીઓ સાથે હાથ મિલાવાથી હર..હર....મહાદેવ નાદ સાથે એકકાર બન્યાં હતા. નિર્માતા આશિતકુમાર મોદી અને જોડાયેલ સભ્યોનુ સોમનાથ મહાદેવના ટ્રસ્ટી સેક્રેટરી પી.કે લહેરી અને ડિરેક્ટર માલવ રજદા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું અને આભાર વ્યક્ત કર્યો હતો. આ સીરીયલની સફળતા દર્શકોની સફળતા છે અને.આ સફળતાને સોમનાથદાદા ના ચરણે અર્પણ કરવા માટે આવ્યા છે. ૨૯ જુન ૨૦૧૮ સમગ્ર વિશ્વ આ ઐતિહાસિક ઉજવણી અને ભગવાન પાસેથી આશીર્વાદ પ્રાપ્ત કરતા એપિસોડ માણિ સકશે.

## એસબીઆઈ એમએફ દ્વારા નિવેશ કે નુશ્કે નાણાંકીય જાગૃતતાની પહેલ

એસબીઆઈ મ્યુચ્યુઅલ ફંડ, ભારતના સૌથી મોટા મ્યુચ્યુઅલ ફંડ હાઉસિંગ મેનેજમેન્ટ એસેટ્સમાં ૨,૦૦,૦૦૦ કરોડથી વધુની સંપત્તિઓ બનાવે છે, 'નિવેશ કે નુશ્કે ' દ્વારા રિટેલ રોકાણકારોમાં જાગૃતિ ઊભી કરે છે. તે એસબીઆઈ એમએફ દ્વારા નાણાકીય જાગૃતિની શ્રેણી છે, જે એસેટ ક્લાસની ઓળખ કરીને અને ઈન્વેસ્ટમેંટ રકમને નક્કી કરીને ફિક્સ ગોલ સાથે સુનિશ્ચિતતાપૂર્વક રોકાણ કરવા માટે રોકાણકારોને શિક્ષિત કરે છે. આ પહેલ લોકોના આર્થિક લક્ષ્યાંકો, લાંબા ગાળાની સંપત્તિની રચનામાં સંયોજનની શક્તિ અને ઘણા બધા સોલ્યુશન્સને આધારે રોકાણ કરવાના મહત્વને સમજવામાં લોકોને મદદ કરે છે જે મ્યુચ્યુઅલ ફંડો નાણાકીય આયોજન માટે પુરા પડે છે. વર્તમાન શ્રેણીમાં ઉદ્દેશ ઉકેલ આધારિત રોકાણ પર જાગૃતિ ફેલાવવાનો છે જે ઉત્પાદન કેન્દ્રિત રોકાણથી દૂર છે.જ્યારે રોકાણ ઉકેલ અભિગમ પર આધારિત હોય છે,ત્યારે રોકાણકાર તેમના રોકાણના ધોરણે તેમના ધ્યેય (ટૂંકા ગાળાની લક્ષ્યાંક, મધ્યમ-ગાળાના ધ્યેયો અથવા લાંબા-ગાળાના લક્ષ્યો), જોખમની આકાંક્ષા અને સમયના ક્ષિતિજની યોજના કરી શકે છે.તેના આધારે, વ્યક્તિ વિવિધ એસેટ વર્ગો પસંદ કરી શકે છે. વ્યવસાય માલિકો, નિવૃત્ત, પગારદાર વ્યાવસાયિકો જેવા કે ડોકટરો, વકીલો, મહિલા અને સશસ્ત્ર દળોમાં કામ કરતાં વ્યક્તિ તંદુરસ્ત રોકાણ પોર્ટફોલિયો બનાવવા માટે આ અભિગમનો ઉપયોગ કરી શકે છે.

### એફઆરએઆઈ-ગુજરાત એ વેચાણ માટે પ્રોડકસની પસંદગીના અધિકાર પર આવનાર પ્રસ્તાવિક નિયંત્રણો અને દુકાનની અંદરની જાહેરાતને નિયંત્રિત કરતા પ્રસ્તાવ વિશે ચિંતા વ્યક્ત કરી




અમદાવાદ

ફેડરેશન ઓફ રિટેલર એસાોસિએશન ઓફ ઈન્ડીયા (એફઆરઆઈએ) દેશભરમાં ૪ કરોડ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ છુટક વ્યાપારીઓનું પ્રતિનિધિ સંગઠન છે. ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમના ૩૪ રિટેલ એસોસિએશન આ સંગઠનના સભ્ય છે. અમે દેશ ખૂબ ગરીબ વર્ગના હિતોની રક્ષા કરીએ છીએ અને તેમના મુદદાઓ ઉઠાવી છીએ, જેનાથી તેઓના રોજગારની તકો પર અસર થાય છે તથા અમે એવા લોકોની સહાયતા કરીએ છીએ જેઓ તેમની રજુઆત કરવા માટે સક્ષમ નથી. અમે અસંગઠિતક્ષેત્રે રોજગારીને પ્રોત્સાહન મળે અને તેના સંરક્ષણને મદદ મળે તથા ભારતમાં ધંધા માટે સુગમતાવાળું વાતાવરણ ઉભું થાય તેવી નિતિઓ તરફ સરકારનું ધ્યાન આકર્ષિત કરીએ છીએ છે. એફઆરએઆઈ એ આજે દૈનિક વપરાશમાં આવતી વિભિન્ન વસ્તુઓ જેવી કે બ્રેડ, બિસ્કીટ, જયુસ, સોફ્ટ ડ્રિંક, વેફર્સ, પેક નાસ્તા વગેરેનું વેચાણ કરતી દુકાનના વ્યાપારને સીમિત કરતા કે પ્રોડકટસના વેચાણ પર પ્રતિબંધ ફરમાવતા અને દુકાન અંદર જાહેરાતને નિયંત્રિત કરતા પગલાઓ વિશે ચિંતા વ્યકત કરી છે. આ પગલાઓથી ગરીબ છુટક વેચાણ કરતા દુકાનદારોના વ્યવસાયને ગંભીર અસર થશે અને તેમના વ્યાપારની પડતરમાં અસહય વધારો થશે જેના પરિણામે તેમની આવક ઓછી થશે.એફઆરએઆઈ માનનીય મુખ્યમંત્રીને ૨ લાખ કરતા વધારે સુક્ષ્મ છુટક વેચાણ કરતા દુકાનદારોના હિતની રક્ષા કરવા માટે અપીલ કરે છે, જેઓ કેટલાય પ્રકારના પ્રોડટકસ વેચીને તેમના પરિવાર માટે મુશ્કેલીથી કેટલીક આવક મેળવે છે અને કોઈપણ પ્રકારના સંભવિત ત્રાસથી પોતાનો અને પરિવારનો બચાવ કરે છે. વિદેશી ભંડોળથી પોષિત એનજીઓ ભ્રમિત કરતી જાણકારીઓ સાથે અભિયાન ચલાવી સરકાર પર છુટક વેચાણ કરતા નાના દુકાનદારોના હિતો વિરૂદ્ધ નિતી બનાવવા માટે દબાણ કરી રહયા છે. 'ગુજરાતમાં અન્ય પ્રોડકસ સાથે સાથે તંમાકુંના પ્રોડકસ પણ વેચતા છુટક વેચાણ દુકાનદારો તંમાકું ઉધોગ પર સખત નિયમન કારણે અગાઉથી ખૂબ નાણાંકીય દબાણનો સામનો કરી રહયા છે. સાથે, વેચાણની જગ્યાએ જાહેરાત પર નિયંત્રણ લાગુ થતા કાયદેસર તંમાકું પ્રોડકસનું વેચાણ કરતા અને દાણચોરીથી લાવેલ કે ગેરકાયદેસર તંમાકુ પ્રોડકટસનું વેચાણ કરતા દુકાનદારો વચ્ચે કોઈ તફાવત રહેશે નહીં. સંયુકતરીતે આ પગલાના પરિણામે આ ગરીબ દુકાનદારો માટે વ્યાપાર કરવાની પડતરની વૃદ્ધિ થશે અને તેમની આવકમાં ઓછામાં ઓછો ૪૦% નો ઘટાડો થશે જે અમારા સભ્યો માટે મોટો ઝટકો હશે.'

## ચોમાસુ બેસી ગયું અને સરકાર ફરી કસોટીની એરણ પર મુકાઈ..?

વરસાદને વધાવી શકાય, વિદાય ન આપી શકાય! એ આપણા હાથમાં નથી. દરેક સિક્કાને જેમ બે બાજુ હોય છે, વરસાદને પણ હોય છે, વિકાસ અને વિનાશ! ફરિયાદ માત્ર એક જ જ સ્થળે જ કરી શકાય. સૃષ્ટિનું સંચાલન કરતા ઈશ્ર્વરને...! પણ તેનો એક જ જવાબ હોય છે

એક વખત મેઘને છૂટો મૂકી દીધા પછી, તેના પર વધારે નિયંત્રણ ઈશ્ર્વર પણ નથી રાખી શકતો એવું લાગે. હવે વૈજ્ઞાનિક આધાર પર નજર નાખીએ તો, સવાલ હવામાન ખાતા સામે આવે! કેમ આવડો બધો અને તોફાની વરસાદ? જે અત્યારે દક્ષિણ ગુજરાત, મુંબઈ અને કોકણ વિસ્તારમાં વરસી રહ્યો છે. કોકણ તો આમ પણ મહારાષ્ટ્રનું ચેરાપુંજી ગણાય છે, પણ મુંબઈના સીમાડા એકબીજાને સ્પર્શતા હોઈ, કોકણના ભારે વરસાદની અસર મુંબઈ પર પડતી જ હોય છે.

અત્યારે ગુજરાતમાં પણ ચોમાસુ બેસી ગયું છે, અને દક્ષિણ ગુજરાત ફરી આ વર્ષે પણ તરબોળ થઈ ગયું છે. દક્ષિણ ગુજરાતના ઉમરગામમાં ત્રીસ કલાકમાં પચ્ચીસ ઈંચ વરસાદ પડ્યો છે. નાનકડું શહેર બેટમાં ફેરવાઈ ગયું છે. માત્ર નદી-નાળામાં નહીં લોકોના ઘરમાં પણ પાણીનો ઘુઘવાટ છે. પૂર જેવી સ્થિતિ ઊભી થઈ છે.

ગુજરાત સરકાર ફરી આ વર્ષે પણ કસોટીની એરણ પર મુકાઈ ગઈ છે. અતિવૃષ્ટિ જ કહેવાય આ. એ દૃષ્ટિએ આફતમાં મુકાયેલા લોકો માટે વહીવટીતંત્રએ સજ્જ થવું જ પડે, લોકોને બચાવવા પડે અને સાચવવા પડે.

ગુજરાતની રાજધાની ગાંધીનગર કે અમદાવાદથી દક્ષિણ ગુજરાત તરફનો વાહનવ્યવહાર બંધ કરાયો છે. ટ્રેનો એટલા માટે રોકી દેવાઈ છે કે, ક્યાંક પાટા પર પાણી હિલોળા લે છે, તો ક્યાંક પાટા નીચેની જમીનનું ધોવાણ થયું છે.

આમ તો સમગ્ર ગુજરાતમાં વરસાદી માહોલ છવાઈ ગયો છે, હવામાન ખાતાએ કહ્યું છે કે, આગામી ૪૮ કલાકમાં ભારેથી અતિભારે વરસાદ પડશે. સોમવારે સવારના આઠ વાગ્યા સુધીમાં પૂરા થયેલા ૨૪ કલાકમાં વ્યાપક રીતે ૨૩ જિલ્લાના ૧૦૫ તાલુકામાં એકથી આઠ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે.

પશ્ચિમ વિભાગના, ઈન્ડિયા મીટીઓરોલોજીકલ ડિપાર્ટમેન્ટના ડેપ્યુટી ડાયરેકટર જનરલે, આવડો બધો વરસાદ પડવા માટેના કારણો આપ્યાં છે. તે મુજબ ત્રણ આબોહવાની સિસ્ટમ એક સાથે પેદા થતાં બધી જગ્યાએ ભારે વરસાદ પડ્યો છે. એક તો, કેરળથી ગુજરાત વચ્ચે અરબી સમુદ્રમાં વરસાદી સિસ્ટમ શરૂ થઈ છે, બીજું પરિબળ, અપર એર સાયક્લોનિક સરકયુલેશન અને ત્રીજી સિસ્ટમ પશ્ચિમથી વાતા પવનોથી પેદા થતાં વરસાદે તેનું સ્વરૂપ બદલ્યું છે.

એજ અસર મુંબઈ અને થાણે વિસ્તારમાં થઈ છે, અને એટલે જ સોમવારે વહેલી સવારથી મુંબઈ- થાણેમાં ભારે વરસાદ થયો છે, જેના કારણે વૃક્ષો અને એક-બે ઈમારતો ધરાશાયી થઈ છે. નીચાણવાળા વિસ્તારોમાં હંમેશાંની જેમ ખૂબ પાણી ભરાયાં હતાં. બહુ સ્વાભાવિક રીતે ટ્રાફિક જામનાં દૃશ્યો સર્જાયાં હતાં, અને ટ્રેનો તેના નિયત સમય કરતાં મોડી દોડી હતી. વિમાની સેવા પર બહુ વધારે અસર નહોતી પડી, પરંતુ ઉડ્ડયન થોડાં મોડાં થયાં હતાં અને લેન્ડિંગમાં કોઈ અડચણ નહોતી પડી.

દુઃખદ ઘટના લેખે, દક્ષિણ મુંબઈમાં ફેશન સ્ટ્રીટમાં વૃક્ષ ધરાશયી થતાં બે જણાનાં મૃત્યુ થયાં હતાં અને મલાડ (પૂર્વ)માં એવરસાઈન નગરમાં 'મેનહોલ'માં પડી જતાં એક યુવાનનું મૃત્યુ થયું હતું. થાણે નજીક ઉલ્હાસનગરમાં એક દીવાલ ધસી પડતાં પણ થયેલાં એક મૃત્યુના કારણે વરસાદે ચાર જણાનો ભોગ લીધો હતો. જોકે હજુ પણ હવામાન ખાતાના જણાવ્યા મુજબ શહેરના કેટલાક ભાગોમાં અને પરા વિસ્તારોમાં ભારે વરસાદ થવાની શકયતા નકારી શકાતી નથી.

પાણી ભરાવાની સ્થિતિ મુંબઈ, અમદાવાદ કે સૂરત શહેર હોય, એ કાયમની સમસ્યા છે. જેના માટે જેટલા આપણે એટલું જ વહીવટીતંત્ર જવાબદાર છે. આડેધડ થતાં બાંધકામ અને પાણીના નિકાલ માટેના રસ્તા બંધ કરવા માટે સમાજ અને સરકાર બન્ને જવાબદાર છે. **(જી.એન.એસ)**

### શશાંક હંમેશાથી ખૂબ તોફાની હતો, પણ હવે તેણે અમને ગૌરવાન્વિત કર્યા છે – શશાંક ખૈતાનની માતા કહે છે



કલર્સની નવી પ્રસ્તુતિ ડાન્સ દીવાને એક અનોખો શો છે જે લાખો હૈયાં જીતી રહ્યો છે. શો ભારતભરની ૩ પેઢીઓને આવવા અને પોતાની પ્રતિભાઓનું પ્રદર્શકન કરવા એક કોમન મંચ પ્રસ્તુત કરે છે. દરેક વર્ગાવલીમાંથી એક એમ ત્રણ ફઈનાલિસ્ટસ, ભારતના અજોડ ડાન્સ દીવાનેનું બિરૂદ પામવા સ્પર્ધા કરશે. આ ખૂબ જ પ્રતિભાશાળી માધુરી દિક્ષિત નેને, શશાંક ખૈતાન અને તુષાર કાલિયા દ્વારા જજ કરવામાં આવી રહેલ છે. ડ્રિમ્સ વોલ્ટ મીડિયા દ્વારા નિર્મિત, શો દર શનિવાર અને રવિવાર રાત્રે ૯ કલાકે પ્રદર્શિત કરવામાં આવે છે.

ડાન્સ દીવાનેનો તાજેતરનો એપિસોડ ફેમિલી સ્પેશ્યલ હતો અને ડાન્સ દીવાનેના ક્રૂએ શશાંક ખૈતાન માટે વધુ ખાસ બનાવી દીધો. શશાંકના માતા–પિતા અને સાસરરિયા એમને સરપ્રાઈઝ આપવા શોની મુલાકાતે આવ્યાં હતાં.વર્તમાન ડાન્સ શોથી અલગ આ અનોખું સ્વરૂપ એવાને પ્રસ્તુત છે જેઓ ડાન્સ માટે ખૂબ જ ઘેલા છે તેમને પોતાની પ્રતિભા દર્શાવવા મંચ પુરું પાડે છે. બાળકો, યુવાઓ અને વસ્કો એમ ૩ જૂથોની રેન્જ માટે મંચ પુરું પાડે છે – તમામ પ્રતિસ્પર્ધીઓ પોત–પોતાની વર્ગાવલીમાં સ્પર્ધા કરશે. દરેક વર્ગાવલીમાંથી ત્રણ ફાઈનાલિસ્ટસ, ઈન્ડિયાના અલ્ટીમેટ ડાન્સ દીવાનેનું બિરૂદ પામવા સ્પર્ધા કરશે. વધુ રસપ્રદને ઝડપી પાડવા અને ડાન્સ માટેના પ્રેમ માટે દર શનિવાર અને રવિવાર રાત્રે ૯ કલાકે ડાન્સ દીવાને સાથે જોડાયેલા રહો ફક્ત કલર્સ પર

## ડો. ઓટકરની બ્રાન્ડ ફન ફૂડ્સે ભારતીય ડ્રેસિંગ બજારમાં મચાવી ધૂમ




ડો. ઓટકરની બ્રાન્ડ ફન ફૂડ્સે ZERO FAT ડ્રેસિંગની નવી રેન્જ લોન્ચ કરી છે. આજના ગ્રાહક, જે વધારે કેલેરીના સેવનથી બચવા માંગે છે અને સાથે જ સ્વાદિષ્ટ વ્યંજન પણ પસંદ કરે છે, તેમની જરૂરિયાતોને ધ્યાનમાં રાખતાં દસ નવા ડ્રેસિંગ્સ પ્રસ્તુત કરવામાં આવ્યાં છે, આ સંપૂર્ણ રેન્જ ZERO FAT છે અને સાથે જ વેલ્યૂફોર મની પણ છે. કંપની પોતાની રણનીતિથી ગ્રાહકોને જણાવવા માંગે છે કે આ ડ્રેસિંગ્સ ફક્ત સલાડ માટે જ નહિ પરંતુ ઘણાં અન્ય વ્યંજનોમાં પણ ઉપયોગ કરી શકાય છે. આથી જ આ ડ્રેસિંગ્સને સલાડ ડ્રેસિંગ્સ નહિ પરંતુ ફક્ત ડ્રેસિંગનું નામ આપવામાં આવ્યું છે.

આ અવસર પર ડો ઓટકર, ભારતના મેનેજિંગ ડાયરેક્ટર તથા સીઈઓ, શ્રી ઓલિવર મિર્ઝાએ જણાવ્યું કે, "વેસ્ટર્ન પલેઝર ફૂડ કેટેગરીમાં લીડર હોવાના કારણે અમે હંમેશાથી જ ગ્રાહકોના ભોજનને સ્વાદિષ્ટ બનાવવા માટે પ્રયત્ન કરી રહ્યાં છે. નવા ગ્રાહકોને આકર્ષિત કરવા માટે અમે ઝીરો ફેટ ડ્રેસિંગ પ્રસ્તુત કરી છે, હવે ગ્રાહકો કેલેરીની ચિંતા કર્યા વિના આ ડ્રેસિંગ અને સ્વાદિષ્ટ સલાડનો આનંદ માણી શકશે. આ લોન્ચ ભારતીય બજારમાં અમારી સ્થિતિને મજબૂત બનાવશે અને ૨૦૨૦ સુધી ૫૦૦ કરોડ રૂપિયા સુધી પંહોચવાના ફનફૂડના દ્રષ્ટિકોણને સાકાર કરવામાં મદદ કરશે."

કેલેરી પર ધ્યાન આપનાર ગ્રાહકોને આ રેન્જ ખૂબ પસંદ આવશે, કારણ- કે અડધી રેન્જ 1 kcal/ gm થી પણ ઓછી છે. ૨૧૦ ગ્રામના બોટલની કિંમત ૭૯ રૂપિયા છે અને આ દેશના દરેક આગ્રણી રિટેલ સ્ટોર્સ તથા ઈ-કોમર્સ પોર્ટલ્સ પર ઉપલબ્ધ હશે.આ રેન્જમાં સમાવિષ્ટ છે, એવરગ્રીન, ક્લાસિક-સીઝર, હનીમ સ્ટર્ડ, રૈંચ, ૧૦૦૦ આઈલેન્ડ અને મોર્ડન સીક્સ-સ્વીટ અનિયન, સાુથ વેસ્ટ, બાલ્સામિકો, ટ્રેડિંગ, ફ્રૂટી, વેરિન્ટ્સ-જેસ્ટીઓ રેન્જ, સ્ટ્રોબેરી અને સ્મોકી પાઈનેપલ. ફ્રૂટી વેરિએન્ટ્સ, પ્રાકૃતિક ફળોથી ભરપૂર છે અને આ પ્રકારની રેન્જ પ્રથમવાર દેશમાં પ્રસ્તુત કરવામાં આવી છે. નવી રેન્જ સલાડની સાથે-સાથે સબ, રૈપ અને ડિપ માટે પણ શ્રેષ્ઠ છે.

# સિને-સરિતા

શુક્રવાર ★ તા.૨૯-૦૬-૨૦૧૮




## રેસ-૩ ફિલ્મમાં ડેઝી શાહ ગ્લેમર રોલમાં પૂર્ણ છવાઈ



ફિલ્મ રેસ-૩ બોક્સ ઓફિસ પર શાનદાર સફળતા હાંસલ કરી રહી છે. ફિલ્મની કમાણી વિશ્વભરમાં હવે ૨૬૦ કરોડની આસપાસ પહોંચી ચુકી છે. ફિલ્મમાં સૌથી વધારે પ્રશંસા ડેઝી શાહના ગ્લેમર રોલને લઈને જોવા મળી રહી છે. તે એક્શન સીનમાં પણ જોરદાર રીતે નજરે પડી રહી છે. તેની કેરિયર આ ફિલ્મ બાદ જોરદાર રીતે આગળ વધી શકે છે. તેને સલમાન ખાનના કારણે જ આ ફિલ્મમાં મોટી અને પડકારરૂપ ભૂમિકા મળી ગઈ છે. ફિલ્મને સારી આવક ચારેબાજુ બીજા સપ્તાહમાં પણ મળી રહી છે. ઈદના દિવસે ફિલ્મ રજૂ થઈ હતી. રેસ-૩ ફિલ્મ રજૂ કરવામાં આવે તે પહેલા જ કેટલાક રેકોર્ડ કરી ચુકી હતી. ઈદ પર રજૂ કરવામાં આવેલી ફિલ્મ રેસ-૩ ફિલ્મના સેટેલાઈટ અધિકારો રેકોર્ડ કિંમતમાં વેચાયા હતા. ફિલ્મની રજૂઆત પહેલા જ કરોડોની કમાણી કરી લીધી હતી.

અનુસંધાન પાના નં.૬ ઉપર

## ફ્રાયડે




### નવી ફિલ્મ

આ ફિલ્મના નિર્માતા સાજીદ કુરેશી, દિગ્દર્શન : અભિષેક ડોગરા, કલાકારોમાં ગોવિંદા, વરૂણ શર્મા, સંજય મિશ્રા, સંગીત સાજીદ વાજીદ.૮જુને રીલીઝ થયેલ આ ફિલ્મમાં ફતેકીંગ નામના યુવાનની છે. જેનો એક સ્ક્રુ જરાક ઢીલો છે. એ સાચા પ્રેમની તલાશમાં નીકળ્યો છે. તે કબુલ કરે છે કે સાચો પ્રેમ તો મળ્યો નથી પરંતુ સાચા દોસ્તો જરૂર મળી ગયા છે એ અને એના બે મિત્રો ભેગા મળીને સાચા પ્રેમની શોધ માટે જાતજાતના ગતકડા કરતા રહે છે. એમાં કોલગર્લ, ફોન સેકસ,નકલી રોમાન્સ વગેરેનો સામનો થતો રહે છે. આવા પ્રસંગોમાં કોમેડી, સેકસ અને રોમાન્સ પીરસાતા જાય છે.

ગોવિંદા આ ફિલ્મમાં એક જાંબાઝ પોલીસ ઈન્સ્પેકટર તરીકે દેખાય છે. જે ગુંડાઓની બરાબર ધોલાઈ કરે છે. સાચો પ્રેમ શોધવા માટે આડા અવળા ગતકડા કરતાં ત્રણેય ઢીલાઢાલા દોસ્તો આફતમાં સપડાઈ જાય છે અને પછી એન્ટ્રી પડે છે. પોલીસ ઈન્સ્પેકટરની.

મુળ કોમેડી જોનર હોવા છતાં આ ફિલ્મમાં પાત્રો અને પ્રસંગો એ રીતે મુકવામાં આવ્યા છે કે એમાં રોમાન્સ, એકશન ભરપુર મળી રહે. કોમેડી તો આખી ફિલ્મમાં રેલાતી જ રહે છે. આ ફિલ્મ ખુબ જ જોરદાર બની શકી હોત પરંતુ એકાદ વખત જોઈ શકાય એવી જ ફિલ્મ બની શકી છે. ગોવિંદાના ચાહકોને આ ફિલ્મ જરૂર ગમશે કોમેડીના ચાહકોને પણ ગમશે.

## ભારતીય સીનેમામાં પશ્ચિમી રૂપ રંગ અને શૈલીની અભિનેત્રી 'ઝીન્નત અમાન'

### ફિલ્મી સિતારા-કમલેશ કંસારા



'હરે રામ હરેકૃષ્ણ' માં હિપ્પી યુવતીની ભૂમિકા અને 'કુર્બાની' માં નાઈટ કલબ ડાન્સરથી લઈને 'સત્યમ શિવમ સુંદરમ્ માં સેકસી દેહાતી બાલીકાની ભૂમિકા ભજવનાર ઝીન્નત અમાનને ભારતીય સીનેમા જગતમાં એક અનોખી કલાકાર તરીકે ઓળખાય છે.

૧૯૭૦ અને ૧૯૮૦ ના દશકની સર્વાધિક ઉત્તેજક અને સેકસી અભિનેત્રી તરીકે ઓળખાતી ઝીન્નત અમાનનો જન્મ જર્મનીમાં ૧૯ નવે.૧૯૫૧ ના રોજ થયો હતો. એમના પિતા અમાનુલ્લાખાન 'મુગલે આઝમ' અને 'પાકીઝા' ફિલ્મના પટકથા લેખકોમાંના એક હતા. જ્યારે ઝીન્નત ૧૩ વરસની હતી ત્યારે એમનું અવસાન થયું હતું. ૧૮ વર્ષની વયે ઝીન્નત જર્મનીથી મુંબઈ આવી ગઈ.ઝીન્નત અમાને મુંબઈની સેંટ ઝેવીયર્સ કોલેજમાંથી સ્નાતક કર્યું અને કેલીફોર્નિયાના લોસ એંજલ્સના સાઉથર્ન કેલીફોર્નિયા વિશ્વ વિદ્યાલયમાંથી ઉચ્ચ શિક્ષા પ્રાપ્ત કરી હતી. ભારત આવ્યા બાદ એણે 'ફેમીના' પત્રિકામાં પત્રકારત્વ કર્યું અને પછી મોડલીંગ ક્ષેત્રે વળી ગઈ. ૧૯૭૦ માં 'મીસ ઈન્ડિયા પ્રતિયોગીતા' માં ઝીન્નત ત્રીજા સ્થાન પર રહી અને ૧૯૭૧ માં તે 'મીસ એશિયા' બની. ઝીન્નત અમાન ફિલ્મોમાં આવ્યા પહેલાં રેપ પર સનસનાટી મચાવતી રહી.

ઝીન્નતની સૌ પ્રથમ હિંદી ફિલ્મ ઓ.પી.રાલ્હનની હલચલ (૧૯૭૧) માં પ્રદર્શિત થઈ હતી. જેમાં ફિલ્મ ગાયક અભિનેતા કિશોરકુમાર સાથે ૧૯૭૧ માં 'હંગામા' હતી. જો કે તે ખાસ સફળ થઈ નહોતી. ઝીન્નતને ફિલ્મમાં સફળતા મળી દેવાનંદની ફિલ્મ 'હરે રામ હરે કૃષ્ણ' થી. જેમાં હિપ્પી યુવતીની ભૂમિકામાં તેની પર ફિલ્માવવામાં આવેલ ફિલ્મી ગીત 'દમ મારો દમ' પ્રેક્ષકો પર છવાઈ ગયું હતું. ત્યાર બાદ યારો કી બારાત, ધુંધ, રોટી કપડાં ઔર મકાન જેવી ફિલ્મોમાં કામ કરીને પોતાની એક આગવી છાપ મુકી. દેવાનંદ સાથે અડધો ડઝન જેટલી ફિલ્મોમાં કામ કર્યું હતું. ફિલ્ક યારો કી બારાત માં ઝીન્નતે હાથમાં સિતાર લઈને જયારે આશા ભોંસલેના કંઠે ગવાયેલ ગીત 'ચુરા લીયા તુમને જો દિલ કો' ગાયું ત્યારે પ્રેક્ષકો ઝુમી ઉઠયા હતા.કેટલીક ફિલ્મો કર્યા બાદ ઝીન્નતે અભિનેતા સંજય ખાન સાથે લગ્ન કરી લીધા અને ઘણો સમય સુધી ફિલ્મી દુનિયાની અલગ રહી હતી. આ દરમ્યાન એનો પતિ અને પૂર્વ પત્ની ઝરીને મુંબઈની તાજ હોટલમાં એક પાર્ટી દરમ્યાન ઝઘડો કરતાં બંનેના સંબંધ વણસ્યા હતા અને ત્યારબાદ તે સંજયખાનથી અલગ થઈ ગઈ હતી. ૧૯૮૦ માં 'ઈન્સાફ કા તરાજુ' અને ૧૯૮૧ માં કુર્બાની ફિલ્મો દ્વારા ધમાકેદાર ફિલ્મી જગતમાં પ્રવેશ કર્યો. ત્યાર બાદ અભિનેતા અમિતાભ બચ્ચન સાથે ડોન અને લાવારીસમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. જેના દ્વારા એની કેરીયરને શિખરતા પ્રાપ્ત થઈ હતી. પછી 'દોસ્તાના, ગ્રેટ ગ્રેમ્બલ, રામ બલરામ, ધર્મવીર જેવી મલ્ટીસ્ટાર ફિલ્મોમાં લાજવાબ અભિનય આપ્યો હતો. ફિલ્મોમાં બીજી વાર સફળતા મેળવ્યા બાદ ઝીન્નતે મઝહરખાન સાથે લગ્ન કર્યા અને પારીવારીક જીવન સાથે જોડાઈ ગઈ. ઝીન્નતને બે પુત્રો અઝહર અને અજાન છે.મઝહરખાનની બીમારીના કારણે ઝીન્નતની કમાણીનો ઘણો ખરો ભાગ તેના ઉપચારમાં ખર્ચાઈ ગયો હતો પરંતુ તે મઝહરખાનને બચાવી ના શકી.પોતાના પતિને ગુમાવ્યા બાદ એના સાસરીયાઓએ ઝીન્નતને કેસમાં ફસાવી દીધી અને તેની પાસેથી એના બે પુત્રો પણ છીનવી લીધા. બે વર્ષના સમયમાં ઝીન્નતે એનો પતિ અને માતાને ગુમાવી દીધા અને પુત્રોથી પણ અલગ કરી દીધી.

પરંતુ એતે એણેપોતાના પુત્રોને મેળવવામાં સફળતા મેળવી અને આજે તે મુંબઈમાં પોતાના બંને પુત્રો સાથે સુખેથી જીવન પસાર કરેછે.

**કમલેશ કંસારા**




★વર્ષ ૨૦૧૭ માં ધારાવાહીક કયામત દ્વારા ટચુકડા પડદે પદાર્પણ કરનાર જય ભાનુશાળી આજે રીયાલીટી શોના સંચાલનમાં પાવરધો બની ગયો છે. ૨૦૦૯ ની સાલમાં સૌ પ્રથમ વખા ડાન્સ રીયાલીટી શોનું સંચાલન કર્યા બાદ તે હોસ્ટ તરીકે ખાસ્સો લોકપ્રીય થઈ ગયો. અભિનેતા કહે છે જેવી રીતે સલમાન ખાન બીગબોસના સંચાલન માટે જાણીતો છે. તેવી રીતે હું મારા ડાન્સ શોના હોસ્ટ તરીકે પ્રખ્યાત છું. વાસ્તવમાં આ રીયાલીટી શો મારી ઓળખ બની ગયો છે. મને લાગલગાટ આ શોનું સંચાલન કરવાની તક મળી રહી છે.એનો અર્થ એ થયો કે તેમાં મારૂં કામ પસંદ કરવામાં આવી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે જય ભાનુશાલીએ આ વર્ષના આરંભમાં બે રીયાલીટી શો ધ વોઈસ અને સુપર ડાન્સરનું સંચાલન પણ કર્યું છે. તે કહે છે કે ધ વોઈસનું હોસ્ટીંગ કરી રહ્યો હતો ત્યારે મને સુપર ડાન્સરની ઓફર આવી. જોકે બંનેની રજુઆતની સમય અલગ અલગ હોવાથી હું બેઉ શોનું સંચાલન કરી શકયો.

### ન્યુઝ સ્ટ્રીપ્સ

★બાલીકા વધુ અને જાના ના દીલ સે દુર જેવી ધારાવાહીકોમાં થયા પછી પોતાનો લુક સમગ્રપણે બદલી નાખ્યો. સાથે સાથે ડીજીટલ મીડીયામાં પણ કદમ માંડયા. તેની અદાખાન સાથેની શોર્ટ ફિલ્મને જબરદસ્ત પ્રતિસાદ મળતાં શશાંક બહુ ખુશ છે અને હવે તે ડીજીટલ પ્લેટફોર્મ પર વધુ કામ કરવા માગે છે. અદાખાન મારી મિત્ર છે. અમારી શોર્ટ ફિલ્મને જે પ્રતીસાદ સાંપડયો છે તેની મેં કલ્પના પણ નહોતી કરી. આજે ડીજીટલ મીડીયા ઝપાટાભેર લોકપ્રીય થઈ રહ્યું છે તેમાં વિષયોનખા વૈવિધ્ય માટે વિપુલ તકો પડેલી છે. ટીવીની કહાણીઓ ટીઆરપીના આધારે ચાલે છે પરંતુ શોર્ટસ ફિલ્મ્સ માટે એવું કોઈ બંધન નથી. પરિણામે તેમાં અનેકાનેક વિષયો સમાવી શકાય છે.

★ છેલ્લા ઘણા સમયથી ટચુકડા પડદાનો જાણીતો અભિનેતા ઈકબાલ ખાન સંખ્યાબંધ સીરીયલોમાં એકસન્ટેન્ડેડ કેમીયો કરતા જોવા મળ્યો છે. કંઈ કેટલીયે ધારાવાહીકોમાં પોઝીટીવ તેમજ નેગેટીવ બંને પ્રકારની ભૂમિકાઓ ભજવનાર ઈકબાલખાને વારીસ એક થા રાજા એક થી રાની, કાલભૈરવ રહસ્ય જેવી સીરીયલોમાં એકસન્ટેન્ડેડ કેમીયો કરવાનું મારૂં કોઈ આયોજન નહોતું. વળી ટીવી પર થોડા કલાક પહેલા જ અમારા કેમ તેની પણ શંકા છે. વળી હવે બધી સીરીયલો ટીઆરપી પર જ ચાલે છે તેથી મને ડીજીટલ મીડીયમમાં કામ કરવાની ઈચ્છા છે.

## ફિલ્મ ચાલબાજની રીમેકમાં કામ કરવા આલિયા સહમત



આશરે ૨૯ વર્ષ પહેલા રજૂ કરવામાં આવેલી ફિલ્મ ચાલબાજની રિમેક ફિલ્મ બનાવવા માટેની તૈયારી હાથ ધરવામાં આવી છે. આ ફિલ્મમાં શ્રીદેવી, રજનિકાંત અને સન્ની દેઓલની ભૂમિકા હતી. નિર્દેશક પંકજ પરાશરની સુપરહિટ ફિલ્મ ચાલબાજની રીમેક ડેવિડ ધવન બનાવી રહ્યા છે. જેમાં આલિયા ભટ્ટની પસંદગ શ્રીદેવીવાળા રોલ માટે કરવામાં આવી છે. ચાલબાજને આધુનિક રીતે યુવા પેઢીને ધ્યાનમાં લઈને તૈયાર કરવામાં આવી રહી છે. છેલ્લા કેટલાક સમયથી શ્રીદેવીના રોલ માટે અભિનેત્રીની શોધ ચાલી રહી હતી. હવે તપાસ પૂર્ણ થઈ છે. ડેવિડ ધવને આલિયાની પસંદગી કરી હોવાની વાત કરી છે. આલિયા સાથે વાતચીત પણ કરી લેવામાં આવી છે. આલિયા ફિલ્મમાં ડબલ રોલ કરનાર છે. ચાલબાજની રીમેક બને તેવી ઈચ્છા દુબઈમાં તેના એકાએક મોત પહેલા અભિનેત્રી શ્રીદેવીએ પણ હાલમાં વ્યક્ત કરી હતી. શ્રીદેવીએ પણ આલિયા ભટ્ટની જ વાત કરી હતી. રજનિકાંતના રોલમાં વરૂણ ધવન રહેશે. અનુપમ ખેરના રોલમાં રોલમાં તે પોતે જ નજરે પડી શકે છે. અગાઉની ફિલ્મમાં શક્તિ કપુર અને અન્નુ કપુરની પણ ચાવીરૂપ ભૂમિકા હતી. કાસ્ટિંગને લઈને ચર્ચા ચાલી રહી છે. ફિલ્મમાં સન્ની દેઓલના રોલમાં કોણ રહેશે તે અંગે હજુ સુધી કોઈની પસંદગી કરવામાં આવી નથી.

જો કે ટુંક સમયમાં જ આની જાહેરાત કરવામાં આવી શકે છે. રામ અને શ્યામની રીમેક પર ચાલબાજ બનાવવામાં આવી હતી. સીતા ઔર ગીતાની રીમેક પર તે ફિલ્મ બની હતી. ચાલબાજમાં શ્રીદેવીએ જોરદાર એક્ટિંગ કરીને તમામને રોમાંચિત કરી દીધા હતા. હવે રાજી બાદ આલિયાની પાસે વધુ એક મોટી ફિલ્મ આવી ગઈ છે.

## પ્રભાસની સાથે દીપિકાને ચમકાવવા માટેની તૈયારી





### ઓન ધ સ્ક્રીન

ફિલ્મ બાહુબલીની વિક્રમી સફળતા બાદ હવે પ્રભાસને લઈને ફિલ્મો બનાવવા માટે નિર્માતા નિર્દેશકો પ્રયાસ કરવામાં લાગી ગયા છે. પ્રભાસે હજુ સુધી બોલિવુડમાં એન્ટ્રી કરી નથી પરંતુ તેના પર તમામની નજર છે. તે બોલિવુડમાં એન્ટ્રી કરવા જઈ રહ્યો છે. તે ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ માટે હોટકેક બનેલા સ્ટાર તરીકે છે. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝની અભિનેત્રી શ્રદ્ધા કપુર એક ફિલ્મમાં તેની સાથે કામ કરવા જઈ રહી છે. સાહો ફિલ્મમાં આ બન્નેની જોડી જોવા મળનાર છે. રિપોર્ટ પર વિશ્વાસ કરવામાં આવે તો બોલિવુડની પ્રથમ ફિલ્મમાં તેની સાથે દીપિકા નજરે પડી શકે છે. એમ કહેવામાં આવે છે કે પ્રભાસ ટુંક સમયમાં જ બોલિવુડમાં એન્ટ્રી કરી લેશે. આ ફિલ્મને ત્રણ વર્ષ પહેલા જ મંજુર કરવામાં આવી હતી. એવુ પણ જાણવા મળ્યુ છે કે ફિલ્મના નિર્માતા દીપિકાનો સંપર્ક પણ કરી ચુક્યા છે. જો કે વાતચીત હાલમાં જારી છે. દીપિકાએ ફિલ્મને લઈને હજુ સુધી કોઈ મંજુરી આપી નથી. તે નવી ફિલ્મમાં અન્ય કલાકારો સાથે જોવા મળી શકે છે. અહેવાલમાં કહેવામાં આવ્યુ છે કે જો દીપિકા સાથે વાત બનશે નહી તો આલિયા ભટ્ટ અથવા તો કેટરીના કેફને લેવામાં આવી શકે છે. જો કે દીપિકા માની જાય તેમ માનવામાં આવે છે. કારણ કે પ્રભાસ સાથે ફિલ્મ કરીને તેની લોકપ્રિયતા અનેક ગણી વધી શકે છે.દિપિકા બોલિવુડમાં સૌથી લોકપ્રિય સ્ટાર તરીકે છે. તે બોલિવુડમાં સૌથી વધારે માંગ પણ ધરાવે છે. આવી સ્થિતીમાં સૌથી લોકપ્રિય જોડીને એક સાથે લઈને ફિલ્મ બનાવવા માટેની તૈયારી હવે શરૂ કરવામાં આવી ચુકી છે. પ્રભાસ માટે કેટલાક નવા નવા પ્રોજેક્ટ આવી રહ્યા છે પરંતુ તે હાલમાં તેની શ્રદ્ધા સાથેની ફિલ્મ પર ખાસ ધ્યાન આપી રહ્યો છે.

## સંજય દત્ત સાથે ફિલ્મ મળતા કૃતિ સનુન ખુબ ખુશ



હિરોપંતિ, દિલવાલે, રાબ્તા અને બરેલી કી બરફી જેવી ફિલ્મ કર્યા બાદ આશાસ્પદ સ્ટાર તરીકે ઉભરેલી અભિનેત્રી કૃતિ સનુન પાસે નવી કેટલીક ફિલ્મો આવી ગઈ છે. તેની પાસે હવે સંજય દત્તની સાથે એક ફિલ્મ આવી ગઈ છે. તેનુ કહેવુ છે કે ઐતિહાસિક પટકથા પર આધારિત ડ્રામા ફિલ્મ પાનિપતમાં સંજય દત્તની સાથે રોલ મળ્યા બાદ તે ભારે ખુશ છે. કૃતિનુ કહેવુ છે કે સંજય દત્ત સાથે કામ કરીને તે ભારે ખુશી અને ગર્વ અનુભવ કરી રહી છે. તેમની પાસેથી ઘણુ શિખવા મળનાર છે. ફિલ્મમાં અર્જુન કપુરની સાથે તે નજર પડનાર છે. સંજય દત્તની હાજરીથી કૃતિ નર્વસ દેખાઈ રહી છે. તેનુ કહેવુ છે કે સંજય દત્ત મહાન સ્ટાર પૈકી એક છે. આશુતોષ ગૌવારીકર દ્વારા બનાવવામાં આવી રહેલી ઐતિહાસિક ફિલ્મ પાનિપત ફિલ્મ પાનિપતની લડાઈનો ઈતિહાસ રજૂ કરશે. ૨૭ વર્ષીય અભિનેત્રીએ કહ્યુ છે કે ગૌવારીકર સાથે કામ કરીને તે ભારે ખુશ છે. ગૌવારીકર લગાન, જોધા અકબર જેવી યાદગાર ફિલ્મો બનાવી ચુક્યા છે. હાઉસફુલ -3 ફિલ્મમાં પણ તે કામ કરવા જઈ રહી છે. ઈન્ટરનેશનલ ઈન્ડિયન ફિલ્મ એકેડમી એવોર્ડ માટેની તૈયારીમાં પણ તે લાગેલી છે.

### સીને

એવોર્ડ કાર્યક્રમમાં તે જોરદાર પરફોર્મ કરવા માટેની તૈયારી કરી રહી છે. જાણકાર લોકો કહી રહ્યા છે કે કૃતિ બોલિવુડમાં આશાસ્પદ ભાવિ ધરાવે છે. ટાઈગર સાથે હિરોપંતિ ફિલ્મ સાથે કેરિયરની શરૂઆત કર્યા બાદ તેની પાસે સતત સારી ફિલ્મ આવી છે. તે રોહિત શેટ્ટીની ફિલ્મ દિલવાલેમાં પણ નજરે પડી હતી. આ બન્ને ફિલ્મો સુપર હિટ સાબિત થઈ હતી. થોડાક સમય પહેલા રજૂ કરવામાં આવેલી તેની ફિલ્મ બરેલી કી બરફી સુપર હિટ રહી હતી. તેના ગીતો લોકોને પસંદ પડ્યા હતા. આ ફિલ્મમાં તેની એક્ટિંગ કુશળતાની પ્રશંસા કરવામાં આવી હતી.

### બીહાઈન્ડ ધ સ્ક્રીન

## સ્ટાર કરીના કપુર સોશિયલ મિડિયાથી હજુય દુર રહે છે



બોલિવુડની અભિનેત્રી કરીના કપુર ખાન ઈન્ડસ્ટ્રીઝમાં સૌથી લોકપ્રિય અને ચર્ચિત ચહેરા તરીકે રહી છે. દુનિયાભરમાં તેના કરોડો ચાહકો છે. જ્યારે પણ તેનો કોઈ ફોટો ચર્ચામાં આવે છે ત્યારે તે સોશિયલ મિડિયામાં વાયરલ થઈ જાય છે. તેમ છતાં કરીના કપુર સોશિયલ મિડિયાથી સતત દુર રહી છે. કરીના કપુરે હાલમાં એક લોકપ્રિય મેગેઝિન માટે ફોટોશુટ કરાવ્યા બાદ તેની ચર્ચા જોવા મળી રહી છે. અહીં કરીના કપુરે સોશિયલ મિડિયામાં પોતાની ઉપસ્થિતી ન હોવાની વાત કરી છે. કરીના કપુરે કહ્યુ છે કે તેને પોતાની લાઈફમાં વધારે વાત કરવાની કોઈ જરૂર દેખાઈ રહી નથી. કેટલાક લોકો તો સોશિયલ મિડિયા પર સક્રિય છે. છતાં તેમનામાં લોકો રસ લેતા નથી. હાલમાં કરીના કપુરની વીરે દી વેડિંગ ફિલ્મ રજૂ કરવામાં આવી હતી. જે બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ હતી. કરીના કપુરે તાજેતરમાં હતુ કે તે પ્રાઈવેટ પર્સન તરીકે છે. તેને પોતાના ફોટો, વિડિયો પોસ્ટ કરવાનુ પસંદ નથી. વર્ક ફ્રન્ટની વાત કરવામાં આવે તો કરીના કપુર હાલમાં વીરે દી વેડિંગની અભૂતપૂર્વ સફળતા બાદ ભારે ખુશ છે. આ ફિલ્મમાં તેની સાથે સોનમ કપુર અને સ્વરા ભાસ્કરે પણ યાદગાર ભૂમિકા અદા કરી હતી.કરીના કપુર વિતેલા વર્ષોમાં નંબર વન અભિનેત્રી તરીકે રહી ચુકી છે. તે બોલિવુડમાં ખુબ ઓછી એવી અભિનેત્રી તરીકે છે જે ત્રણેય ખાન સાથે કામ કરી ચુકી છે. જેમાં આમીર ખાન, સલમાન ખાન અને શાહરૂખ ખાનનો સમાવેશ થાય છે. કરીના કપુરે લોકપ્રિયતાની ચરમ સીમા પર હતી ત્યારે સેફ અલી ખાન સાથે લગ્ન કરી લીધા હતા.

## સારાની ડેબ્યુ ફિલ્મને નવા નિર્માતા મળ્યા છે



સારા ખાનની ડેબ્યુ ફિલ્મ કેદારનાથનુ શુટિંગ છેલ્લા કેટલાક સમયથી ચાલી રહ્યુ છે. જો કે શુટિંગના ગાળા દરમિયાન નિર્દેશક અભિષેક કપુર અને નિર્માતા પ્રેરણા અરોજા વચ્ચે વિવાદના કારણે આ ફિલ્મના શુટિંગને અધવચ્ચે રોકી દેવાની ફરજ પડી હતી. હવે આ ફિલ્મને બચાવી લેવા માટે એક નવા નિર્માતા સપાટી પર આવી રહ્યા છે. એવુ જાણવા મળ્યુ છે કે આ ફિલ્મ નિર્માતા રોની સ્ક્રુવાલા હવે પોતાના હાથમાં લઈ રહ્યા છે. રોની સ્ક્રુવાલા આ ફિલ્મની સંપૂર્ણ રકમ જુના નિર્માતા ભુષણ કુમાર, પ્રેરણા અરોડા અને એકતા કપુરને આપી રહ્યા છે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

CMYK

## બનાસકાંઠામાં...

પાના નં .૧ ચાલુ

વરસાવી ધરતીને ભીંજવ્યા બાદ બીજા દિવસે ગુરુવારે જિલ્લા મથક પાલનપુર અને વડગામ ઉપરાંત ભાભર, સુઈગામ, કાંકરેજ અને થરાદ વિસ્તારમાં પણ વરસાદનાં પ્રથમ હળવાં ઝાપટાં પડ્યા હોવાના અહેવાલો મળ્યા છે.ગઈ રાત્રે વડગામ વિસ્તારમાં ભારે વરસાદી ઝાપટું પડયા બાદ ગુરુવારે સવારે પાલનપુર સહિત જિલ્લાના અન્ય વિસ્તારોમાં પણ આકાશ કાળાડિબાંગ વાદળોથી ઘેરાઈ જતાં વરસાદનું આગમન થવાની શક્યતાઓ સર્જાઈ હતી.જોકે કેટલાક વિસ્તારોમાં આ આશા ઠગારી નીવડી છે. ગુરુવારે સવારે વડગામ વિસ્તારમાં એક ઈંચથી વધુ વરસાદ પડ્યો હોવાના અહેવાલો મળ્યા છે.પાલનપુર ખાતે કાર્યરત જિલ્લા પુર નિયંત્રણ કક્ષ દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ આજે ગુરુવારે સવારે સાત વાગ્યે પુરા થયેલા ૨૪ કલાક દરમ્યાન બનાસકાંઠામાં એક માત્ર વડગામ વિસ્તારમાં જ ૧૨ મિલીમીટર એટલે કે અડધો ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.ગુરુવારે સવારે ૭ થી બપોરના બે વાગ્યા દરમ્યાન વડગામ ખાતે વધુ ૨૪ મિલી મીટર એટલે કે એકાદ ઈંચ જ્યારે પાલનપુર ખાતે ૦૭ મિલી મીટર અને ભાભર ખાતે ૦૩ મિલી મીટર વરસાદ નોંધાયા બાદ બપોરે ૨ થી સાંજના ૪ વાગ્યા સુધીમાં બનાસકાંઠાના સુઈગામ ખાતે ૧૪ મિલીમીટર, ભાભર ખાતે વધુ ૦૩ મિલિમિટર તેમજ વડગામ ખાતે પણ વધુ ૦૩ મિલિમિટર વરસાદ નોંધાયો છે.જોકે બનાસકાંઠાના થરાદ અને કાંકરેજ વિસ્તારમાં પણ આજે વરસાદી ઝાપટાં પડ્યા હોવાના અહેવાલો મળ્યા છે પરંતુ જે તે તાલુકા મથકે કાર્યરત ફ્લડ કન્ટ્રોલ રૂમમાં વરસાદની કોઈ સત્તાવાર વિગતો નોંધાઈ નથી.હજુ આખો બનાસકાંઠા જિલ્લો ચાતક નજરે વરસાદની રાહ જોઈ રહ્યો છે. આવી સ્થિતિમાં હવે વરસાદી માહોલ સર્જાતા નજીકના દિવસોમાં જ મેઘરાજા બનાસકાંઠાની તરસી ધરાને પણ જળ તરબોળ કરી દે તેવું જણાઈ રહ્યું છે.

## કોમવાદ ફેલાવવાની...

અનુસંધાન 3 નુ ચાલુ..

આ સૈફુદ્દીન સોઝે કાશ્મીર મુદ્દે હજુ પણ જવાહર લાલ નહેરુને છાવરવાનું કામ કર્યું અને દોષનો ટોપલો સરદાર સાહેબ ઉપર ઢોળવાનો બાલિસ પ્રયાસ કર્યો છે. પંડ્યાએ જણાવ્યું હતું કે, નર્મદા ડેમના દરવાજા મુકવાની કોંગ્રેસની યુપીએ સરકારે ૧૦ વર્ષ સુધી મંજુરી ન હતી આપી તે મંજુરી નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા પછી માત્ર ૧૭ દિવસમાં જ મંજુરી આપી દીધી હતી. નર્મદા ડેમના દરવાજાના લોકાર્પણનું કાર્ય ડભોઈ ખાતે પૂર્ણ થયું હતું ત્યારે નર્મદા વિરોધી સૈફુદ્દીન સોઝે કોર્ટમાં એફિડેવિટ કરીને નર્મદા યોજનાને અટકાવવા માટેનું કામ કર્યું હતું. દેશના ૫૬૫ રજવાડાઓને એક કરીને દેશની અખંડિતતાનું ઐતિહાસિક કાર્ય કરે છે તેવા સરદાર સાહેબનું નામ આજે સૈફુદ્દીન સોઝે કાશ્મીર સાથે જોડીને હદની હદ કરી નાંખી છે. પંડ્યાએ જણાવ્યું હતું કે, એક એક ગુજરાતીના હૃદયમાં સરદાર પટેલ વિશે કોંગ્રેસન ।નેતાએ કરેલા આવા નિમ્નકક્ષાના વિચારો સાંભળીને આઘાત લાગ્યો છે.

## ગુજરાતમાં ૨૦૧૪માં...

અનુસંધાન 3 નુ ચાલુ..

તો ગુજરાતમાં નોટામાં પણ મોટી સંખ્યામાં મત પડ્યા હતા. દાહોદ લોકસભાની બેઠક પર સૌથી વધારે સંખ્યામાં મત નોટામાં પડ્યા બાદ આની ચર્ચા રાજકીય પંડિતોમાં જોવા મળી હતી. ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ દ્વારા ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં જોરદાર દેખાવ કરવા માટે પોત પોતાની રણણિતી પર કામ કરવાની શરૂઆત કરી દેવાઈ છે.

## નાના કાપરા...

અનુસંધાન 3 નુ ચાલુ..

ડૉ.રાજુલબેન દેસાઈ (લો કોલેજ પ્રિન્સીપાલ) બકાવન ગોસ્વામી (મુડેઠા) તેમજ સમગ્ર જિલ્લાભરમાંથી ભાવિક ભક્તો અને ભુવાજીઓએ હાજરી આપી કાર્યક્રમને શોભાવ્યો હતો.

## લોકોની આવક...

અનુસંધાન 3 નુ ચાલુ..

બેઠકમાં મંત્રીની ઉપસ્થિતિમાં રેલ્વેને લગતા પ્રશ્નો, જિલ્લાના તમામ વિસ્તારોમાં બી.એસ.એન.મોબાઈલ ટાવર કનેકટીવીટી, નર્મદા કેનાલ, બેઠકમાં નેશનલ હેલ્થ મિશન, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, સર્વ શિક્ષા અભિયાન, નેશનલ રૂરલ ડ્રિન્કીંગ વોટર પ્રોગ્રામ, મીડ-ડે મીલ, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના, સ્માર્ટ સીટી મિશન સહિત વિવિધ યોજનાઓના કરવામાં આવેલ કામરગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકમાં ધારાસભ્યો શશીકાંતભાઈ પંડ્યા, કિર્તીસિંહ વાઘેલા, ગેનીબેન ઠાકોર, મહેશભાઈ પટેલ, નગર પાલિકાના પ્રમુખઓ, તાલુકા પંચાયતના પ્રમુખઓ, વિવિધ કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## થરાદ ડીસા ...

પાના નં .૮ ચાલુ

આ કામોમાં મોટો ભ્રષ્ટાચાર આચારાયોછે તેવી બુમરાડ ઉઠવા પામી છે આ રોડની સાઈડમાં ખાલી માટી જ પાથરી દીધી છે, પણ તેના પર મેટલ કે પથ્થર નાખવામાં આવ્યા નથી, તેના કારણે સામસામા વાહનો આવતા સાઈડ આપવી મુશ્કેલ બની જાય છે .અને આ રોડની સાઈડમાં નાખેલ છુટી માટીના કારણે બાઈક ચાલકો ઘણી વખત સ્લીપ ખાઈ પડી જાય છે અને અકસ્માતનો ભોગ બને છે ,એથી વધુ જો આગળ જતું વાહન કોઈ વાહને સાઈડ આપી રોડ નીચે ઉતારે તો એટલી ધુળ ઉડેછે કે પાછળ આવતું વાહન ને કશુજ દેખાતું નથી અને જો પાછળ બાઈક જેવું વાહન હોય તો સ્લીપ થઈ જાય છે તો તંત્ર દ્વારા આ રોડની સાઈડો પર માટી ને સરખી કરી મેટલ નખાવી લોલર થી દબાવી સાઈડો પુરાય તેવી લોકોની અને વાહન ચાલકોની માંગ છે. અત્યારે આ રોડની હાલત આવી છે ,તો ચોમાસામાં વરસાદના કારણે આ માટીમાં વાહનો ફસાઈ જશે અને બાઈક જેવા નાના વાહનોની શું હાલત થશે ?

## લાખણીની ખોડીપાદર...

પાના નં .૮ ચાલુ

તાલુકા પંચાયત કે શિક્ષણ વિભાગના કોઈ અધિકારીએ શાળાની મુલાકાત લેવાની પણ તસ્દી લીધી ન હતી. જેથી શાળા બીજા દિવસે પણ બંધ રહેવા પામી હતી. જેના કારણે આ મુદ્દો આગામી દિવસોમાં વધુ વકરે તેવી શક્યતા છે. હાલમાં તો શિક્ષક અને વાલીઓ વચ્ચેના ગજગ્રાહમાં બાળકોના ભણતરનો ભોગ લેવાઈ રહ્યો છે. ત્યારે

## ઢીમામાં ...

પાના નં .૮ ચાલુ

પૂનમના દીવસે શ્રધાળુઓને ચાલવામાં ભારે પરેશાની વેઠવી પડી હતી. શ્રધાળુઓએ પણ કોન્ટ્રાકટર વિરોધ રોષ ઠાલવ્યો હતો. રોડનું કામ લેવલ લીધા વિના કરાતા રોડ ઉંચો થઈ ગયો છે અને ઘર નીચા આવી જતાં વરસાદી પાણી લોકોના ઘરોમાં ભરાઈ ગયા છે. જે બાબતે જયદીપભાઈ ઠક્કરે જિલ્લા કલેકટર સહિત ઉચ્ચ સ્તારે રજૂઆત કરેલ છે. જો કે, વિકાસના કામોમાં કોન્ટ્રાકટરો અને જવાબદાર તંત્રની મિલીભગતથી ભારે ગેર-રીતીઓ આચરાઈ રહી છે. જે બાબતે જિલ્લા કલેકટર જાત નિરીક્ષણ કરે તે જ ગ્રામજનોના હીતમાં છે.તંત્ર સજાગતા દાખવે તેવો જનમત પ્રવર્તે છે.

## વડાવળ ગામમાં ...

પાના નં .૮ ચાલુ

ડોક્યુમેન્ટની જીણવટભરી તપાસ કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ રહેલી છે. લોકોમાં ફેલાયેલી દહેશતને પોલીસ દ્વારા દુર કરવામાં આવે અને આવા અજાણ્યા ઈસમો ગામડાઓમાં શા માટે ફરતા હોય છે તેની ઉડી તપાસ કરે તો સત્ય બહાર આવી શકે તેમ છે.

**ગામડાઓમાં અજાણ્યા ઈસમો શુ કરવા આવતા હોય છે.**

**સમગ્ર રાજ્યમાં બાળકો ઉઠાવતી ટોળકીની અફવા ચાલી રહી છે. તેવા સમયે ગામડાઓમાં અજાણ્યા ઈસમો ચડી આવતા હોય છે. આવી અજાણ્યા ટોળકી સમજી ગ્રામજનોના ભોગ બનતા હોય છે. ત્યારે ગામડાઓમાં અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે કે, આવા અજાણ્યા ઈસમો ગામડાઓમાં શુ કરવા આવતા હોય છે અને શુ કરતા હોય છે તેની પણ ઉડી તપાસ થવી જોઈએ.**

## ધાનેરા તાલુકા...

પાના નં .૮ ચાલુ

બોલવા વાળું છે.ધાનેરા તાલુકાની પ્રાથમિક શાળા ના મુજવતા પ્રશ્નો આજે માત્ર પ્રશ્નો બનીને રહી ગયા છે. આજે તાલુકા આ તમામ શિક્ષકો અને વાલી આલમ એક કાયમી.શિક્ષણ અધિકારી ની માગણી કરી રહ્યા છે. આજે શિક્ષકોના બે વર્ષના પુરવણી બિલ પણ બાકી છે.શિક્ષકો નો પગાર પણ નિયમિત નથી જયારે સરકાર ની વિવિધ બાળકો માટેની યોજના પણ હાલ ખોરંભે છે. એક જવાબદાર અધિકારીની ગેરહાજરી હજારો બાળકો તેમજ શિક્ષકો માટે ખુબજ નુકશાનકારક સાબિત થઈ રહી છે.

તાલુકાના પ્રાથમિક શિક્ષણ માટેનો મુંઝવતા પ્રશ્નને લઈને રાજકીય આગેવાનો પણ મેદાનમાં આવ્યા છે.આજે થાવર સીટ પરના જિલ્લા પંચાયતના સદય સુરેશભાઈ પટેલની મુલાકાત અમારા ધાનેરા સંવાદદાતા એ લીધી હતી જેમાં સુરેશ ભાઈ એ જણાવ્યું હતું કે ધાનેરા તાલુકામાં કાયમી પ્રાથમિક શિક્ષણ અધિકારી આવે તે માટે અમે જિલ્લા કક્ષા એ રજુઆત કરી ઝડપી બાળકો તેમજ શિક્ષ-કો ના હિત માટે કામ થાય તે દિશા તરફ કામ કરીશુ. સુરેશ ભાઈ પટેલ.જિલ્લા પંચાયત સદસ્ય જિલ્લાના ઉત્સાહી અને શિક્ષણપ્રેમી જિલ્લા પ્રાથમિક શિક્ષણના અધિકારી એકનેક અને શ્રેષ્ઠ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી ને કાયમી ધાનેરામાં મૂકે તો આ તાલુકાના ગામડાના શિક્ષણની ગુણવતા સુધરે તેમ છે.

# વૈશ્વિક ઘટનાક્રમની વચ્ચે સેંસેક્સ ૧૭૯ પોઈન્ટ ઘટીને આખરે બંધ

મુંબઈ

શેરબજારમાં આજે મંદીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ અને નિફ્ટી બંને ઘટાડા સાથે બંધ રહ્યા હતા. એકબાજુ સેંસેક્સ ૧૭૯ પોઈન્ટ ઘટીને ૩૫૦૩૮ની સપાટીએ રહ્યો હતો જ્યારે ૮૨ પોઈન્ટ ઘટીને ૧૦૫૮૯ની નીચી સપાટીએ રહ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સમાં નિફ્ટી પીએસયુ બેંક ઈન્ડેક્સમાં આશરે બે ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. પંજાબ નેશનલ બેંક, બેંક ઓફ ઈન્ડિયા અને સિન્ડિકેટ બેંકના શેરમાં બે ટકાનો ઘટાડો રહ્યો હતો. આજે પણ કારોબાર દરમિયાન અમેરિકી ડોલર સામે રૂપિયો ઓલટાઈમ નીચી સપાટીએ રહ્યો હતો. સ્થાનિક મોરચે માઈક્રો આર્થિક પરિબળો નબળા હોવાના લીધે તેની અસર જોવા મળી હતી. રૂપિયો આજે ભારે ઉથલપાથલ સાથે રહ્યો હતો. એશિયન શેરબજારમાં નવ મહિનાની નીચી સપાટી જોવા મળી હતી. ટ્રેડવોરને લઈને ચિંતા પ્રવર્તી રહી છે. બીજી બાજુ કોમોડિટી ક્ષેત્રે અમેરિકી તેલ કિંમતો સાડા ત્રણ વર્ષની ઉંચી સપાટીથી નીચે પહોંચી ગઈ છે. અમેરિકા અને સાઉદી અરેબિયા તથા રશિયા તરફથી ઉંચા ઉત્પાદન વચ્ચે કિંમતો ઘટી છે. સપ્લાયને લઈને ખલેલ આવી રહી છે. લિબિયન નિકાસને લઈને અનિશ્ચિતતાના વાદળો ઘેરાઈ જતા આ સ્થિતિ સર્જાઈ છે. અમેરિકી અધિકારીઓએ નવેમ્બરથી ઈરાનિયન ક્રુડની ખરીદી ન કરવા આયાતકારોને આદેશ કર્યો છે. કારોબારના અંતે ગઈકાલે સેંસેક્સ અને નિફ્ટી નજીવા સુધારા સાથે બંધ રહ્યા હતા. અમેરિકા અને ચીન સહિત જુદા જુદા દેશો વચ્ચે ટ્રેડવોરની સ્થિતિ ચાલી રહી છે જેના કારણે મૂડીરોકાણકારો રોકાણ કરવાની સ્થિતિમાં દેખાઈ રહ્યા નથી. ઔરંગાબાદ સ્થિત ઓટો ઘટક બનાવતી કંપની વારરોક એન્જિનિયરિંગ દ્વારા ૧૯૫૫ કરોડ રૂપિયાના આઈપીઓ કરવામાં આવ્યો હતો. પ્રાઈઝ બેન્ડનો આંકડો ૯૬૫થી ૯૬૭ રૂપિયા રાખવામાં આવ્યો છે. પ્રમોટરો દ્વારા ૨૦૨૨૧૭૩૦ ઈક્વિટી શેરનું વેચાણ કરવામાં આવી રહ્યુ છે. આ કંપની ગ્લોબલ ઓટો મોટિવ ઘટકો બનાવનાર કંપની છે.

# હવે તારા સુતારિયા શાહિદ સાથે રોમાન્સ કરતી દેખાશે

સ્ટુડન્ટ ઓફ ધ યર-૨ ફિલ્મ સાથે બોલિવુડમાં ડેબ્યુ કરવા જઈ રહેલી તારા સુતારિયાને તેની પ્રથમ ફિલ્મ રજૂ કરવામાં આવે તે પહેલા જ બીજી ફિલ્મ હાથ લાગી છે. શાહિદ કપુર ટુંક સમયમાં જ તેના કરતા ૧૫ વર્ષ નાની અબિનેત્રી તારા સુતારિયા સાથે રોમાન્સ કરતો નજરે પડનાર છે. વર્ષ ૨૦૧૭માં રજૂ કરવામાં આવેલી તેલુગુ સુપરહિટ ફિલ્મ અર્જુન રેડ્ડીની રીમેકમાં શાહિદની સાથે તારા સુતારિયા નજરે પડનાર છે. સ્ટુડન્ટ ઓફ ધ યર-૨ ફિલ્મ સાથે તારા બોલિવુડમાં એન્ટ્રી કરી રહી છે. તે તેની ડેબ્યુ ફિલ્મ રહેનાર છે. તેની પ્રથમ ફિલ્મ રજૂ કરવામાં આવે તે પહેલા જ બીજી મોટી ફિલ્મ હાથ લાગી ગઈ છે. તેલુગુ પિલ્મ અર્જુન રેડ્ડીમાં વિજય દેવરકોન્ડાએ મુખ્ય ભૂમિકા અદા કરી હતી. ફિલ્મની હિન્દી રીમેકમાં તેની ભૂમિકા શાહિદ કપુર અદા કરનાર છે. વિજયને આ વર્ષે ફિલ્મ ફેર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો હતો. જ્યારે તારા અર્જુન રેડ્ડીમાં મુખ્ય ભૂમિકા અદા કરનાર શાલિની પાન્ડેની ભૂમિકામાં નજરે પડનાર છે. સુત્રોના કહેવા મુજબ ફિલ્મની પટકથાને ઉત્તર ભારતની ઓડિયન્સની દ્રષ્ટિએ તૈયાર કરવામાં આવી રહી છે. લીડ અભિનેત્રીના નામ પર જાન્હવી કપુર અને સારા અલી ખાનના નામ પર વિચારણા કરવામાં આવી હતી. આખરે તારા પર પસંદગી ઉતારી દેવામાં આવી હતી. કાસ્ટિંગ માટે આશરે છ મહિનાનો સમય લાગ્યો હતો. અર્જુન રેડ્ડીનુ નિર્દેશન કરનાર સંદીપ વાંગા જ હિન્દી ફિલ્મની રીમેક પણ બનાવશે. આ રીમેકની સાથે તે પોતાની હિન્દી ફિલ્મની કેરિયર શરૂ કરનાર છે. એમ કહેવામાં આવે છે કે આ તેલુગ ફિલ્મના રાઈટ્સ મેળવી લેવા માટે નિર્માતા અશ્વિન વર્દે અને મુરાદ ખેતાનીએ જંગી નાણાંની ઓફર કરી હતી. ફિલ્મમાં શાહિદ કપુર એક સર્જનની ભૂમિકા અદા કરનાર છે.

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★ 'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :......................... પતિ/પિતા :..........................

માતા : ........................જ.તા. ................ઉ.વ.

પરિચય: ..........................................................

સરનામુ : ........................................................

મોકલનારની સહી : ..............................................

# સંજય દત્તની બાયોપિકને લઈ ખુબસુરત દિયા આશાવાદી

બોલિવુડની લોકપ્રિય અભિનેત્રી અને હાલમાં ફિલ્મ નિર્માણના ક્ષેત્રમાં કુદી પડેલી ખુબસુરત દિયા મિર્ઝાએ કહ્યુ છે કે બોલિવુડના વિતેલા વર્ષોના અભિનેતા સંજય દત્તની બાયોપિક ફિલ્મ સંજુમાં કામ કર્યા બાદ યુવા પેઢીના લોકપ્રિય સ્ટાર રણબીર કપુરની લોકપ્રિયતા અનેક ગણી વધી જશે. દિયા માને છે કે રણબીરની લોકપ્રિયતા દસ ગણી વધી જશે. રાજકુમાર હિરાની દ્વારા હાલમાં સંજય દત્તની બાયોપિક ફિલ્મ બનાવવામાં આવી રહી છે. આ ફિલ્મમાં સંજય દત્તની ભૂમિકા રણબીર કપુર દ્વારા અદા કરવામાં આવી રહી છે. ફિલ્મમાં બે ત્રણ અભિનેત્રી કામ કરી રહી છે. જેમાં દિયા મિર્જા, સોનમ કપુર અને અનુષ્કા શર્માનો સમાવેશ થાય છે. ફિલ્મ હાલના કાર્યક્રમ મુજબ ૨૯મી જુનના દિવસે રજૂ કરવાની યોજના છે. દિયા પોતે ફિલ્મને લઈને આશાવાદી છે. તે સંજયદત્તની પત્નિ માન્યતાની ભૂમિકામાં નજરે પડનાર છે. દિયાએ રણબીરની પ્રશંસા કરતા કહ્યુ છે કે તે શાનદાર અભિનેતા તરીકે છે. તે કોઈ પણ એક્ટિંગ કરી શકે છે. તેને લઈને કોઈ બે મત નથી. તેની સાથે કામ કરવાથી ઘણુ જાણવા મળ્યુ છે. તે ખુબ કુશળ અને શાનદાર અભિનેતા છે. ફિલ્મમાં સંજય દત્તની પત્નિ માન્યતાની ભૂમિકા અદા કરી રહેલી દિયા મિર્જાએ કહ્યુ છે કે ફિલ્મ ખુબ શાનદાર રહેનાર છે. તેનુ કહેવુ છે કે તે જેટલા પણ અભિનેતા સાથે કામ કરી ચુકી છે કલાકારો પૈકી રણબીર કપુર વધારે લોકપ્રિય સ્ટાર છે. દિયા મિર્જા ચોક્કસપણે માને છે કે સંજય દત્તની બાયોપિક ફિલ્મ રજૂ કરવામાં આવ્યા બાદ રણબીર કપુરની લોકપ્રિયતા દસ ગણી વધી જશે. રણબીર કપુર હાલના સમયમાં કેટલીક ફિલ્મોમાં કામ કરી રહ્યો છે.

# તાપ્સી મનમર્જિયા ફિલ્મને લઈ ભારે આશાવાદી બની

બોલિવુડમાં તાપ્સી પણ હવે એક આશાસ્પદ સ્ટાર તરીકે ઉભરી ચુકી છે. તેની પાસે એકપછી એક ફિલ્મ આવી રહી છે. તાપ્સી બોલિવુડમાં હવે સારા પ્રોજેક્ટમાં કામ કરી રહી છે. તેની પાસે જે જે ફિલ્મો રહેલી છે તેમાં અભિષેક બચ્ચન અને વિકી કોશળ અભિનિત ફિલ્મ મનમર્જિયાનો પણ સમાવેશ થાય છે. આ ફિલ્મ સાતમી સપ્ટેમ્બરના દિવસે રજૂ કરવામાં આવનાર છે. ફિલ્મને લઈને તે આશાવાદી છે. નવી ફિલ્મમાં તાપ્સી અને વિકી નજરે પડનાર છે. આ સંબંધમાં નિર્ણય લેવામાં આવી ચુક્યો છે. આ એક ત્રિકોણીય પ્રેમ સ્ટોરી ફિલ્મ હોવાની માહિતી મળી છે. અનુરાગ કશ્યમની ફિલ્મ માટે નિર્દેશક તરીકે પસંદગી કરવામાં આવી છે. ફિલ્મનુ શુટિંગ હાલમાં ઝડપથી ચાલી રહ્યુ છે. ફિલ્મના શુટિંગને વહેલી તકે પૂર્ણ કરી લેવામાં આવનાર છે. તાપ્સી અને વિકી કૌશલ ફિલ્મમા લીડ રોલમાં કામ કરી રહ્યા છે. લવ સ્ટોરીને આગળ વધારી દેવા માટે ફિલ્મની ટીમ બીજા અભિનેતાની શોધ કરી ચુકી છે. ફિલ્મમાં અભિષેક બચ્ચન નજરે પડનાર છે. ફિલ્મનુ શુટિંગ હવે હિમાચલ પ્રદેશમા કરવામાં આવનાર છે. ફિલ્મની ટીમ હાલમાં લોકેશનને લઈને પણ આગળ વધી રહી છે.ફિલ્મનુ શુટિંગ સતત કરવામા આવી રહ્યુ છે. જુલાઈના અંત સુધી શુટિંગને પૂર્ણ કરવાની યોજના છે. થોડાક સમય પહેલા આયુષમાન ખુરાના અને ભૂમિ સાથે એક કાર્યક્રમ વેળા આનંદ રાય દ્વારા આ ફિલ્મની જાહેરાત કરવામાં આવી હતી. ફિલ્મના નિર્માણ સાથે જોડાયેલા લોકોએ હજુ સુધી વધારે માહિતી આપી નથી. તાપ્સી છેલ્લે વરૂણ ધવનની ફિલ્મ જુડવા-૨ ફિલ્મમાં રજૂ થઈ હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ૨૦૦ કરોડની કમાણી કરી ગઈ હતી. ફિલ્મમાં તાપ્સીની સાથે જેક્લીનની પણ ભૂમિકા હતી. તાપ્સી નવી ફિલ્મને લઈને ભારે આશાવાદી છે.

## સારા

અનુસંધાન ૫ નું ચાલુ

હવે આ મહિનાના અંત સુધી ફિલ્મ પર ફરી એકવાર કામ શરૂ કરવામાં આવનાર છે. સુત્રોએ કહ્યુ છે કે જ્યારે રોનીએ ફિલ્મના ફોટોજ નિહાળ્યા ત્યારે તેમને ખુબ પસંદ પડ્યા હતા. જેથી રોનીએ પોતાના હાથમાં આ ફિલ્મ લેવાની જાહેરાત કરી દીધી છે. મળેલી માહિતી મુજબ રોની સ્કુવાલાએ ભુષણ કુમાર અને પ્રેરણાને ૧૪-૧૪ કરોડ રૂપિયા આપી દીધા છે. જ્યારે એકતા કપુરને આઠ કરોડ રૂપિયા પાછા આપી દીધા છે. હવે આ ફિલ્મ સંપૂર્ણ રીતે રોની અને અભિષેકના હાથમાં હોવાના હેવાલ મળી રહ્યા છે. બન્ને પોતાની રીતે હવે આ ફિલ્મને નવી દિશા આપી શકે છે. બીજી બાજુ રોનીએ અહેવાલને સમર્થન આપતા કહ્યુ છે કે કેદારનાથ એક ખુબ સારી લવ સ્ટોરી ફિલ્મ છે. જે વર્ષ ૨૦૧૩ના પુર બાદની વાસ્તવિક ઘટના પર આધારિત છે. આ ફિલ્મને આગામી વર્ષે શરૂઆત સુધી પૂર્ણ કરી લેવામાં આવનાર છે. ફિલ્મને વર્ષના અંત સુધી રજૂ કરવાની યોજના હતી પરંતુ હવે આગામી વર્ષે રજૂ કરવામાં આવનાર છે. ફિલ્મને લઈને સુશાંત અને સારા ભારે આશાવાદી છે. વ્યા બાદ ચાહકોમાં ઉત્સુકતા વધી ગઈ છે.

## ડેઝી શાહ

અનુસંધાન ૫ નું ચાલુ

સલમાનની માર્કેટ વેલ્યુના કારણે ફિલ્મના રાઈટ્સને બે ગણી કિંમતે ખરીદી લેવામાં આવ્યા હતા. ફિલ્મના અધિકાર પહેલા ૭૫ કરોડમાં વેચવાની યોજના હતી. જો કે સલમાન અને ફિલ્મના નિર્માતા નિર્દેશકોએ આ ઓફર સ્વીકારી ન હતી. મોડેથી ફિલ્મના અધિકાર ૧૫૦ કરોડ રૂપિયામાં આપી દેવામાં આવ્યા હતા. અહેવાલ પર વિશ્વાસ કરવામાં આવે તો સલમાન ખાનને પણ પ્રોફિટમાં કેટલોક હિસ્સો મળનાર છે. પદ્માવતના અધિકાર ૪૦-૪૫ કરોડમાં વેચવામાં આવ્યા હતા. સલમાનની અગાઉની ફિલ્મ ટાઈગર જિન્દાના અધિકાર ૭૦ કરોડમાં વેચાયા હતા. રેસ-3 ફિલ્મમાં સલમાન ખાન અને જેક્લીન મુખ્ય રોલમાં છે. ફિલ્મમાં બન્નેની કેમિસ્ટ્રીની પ્રશંસા થઈ હતી.

## સારા

અનુસંધાન ૫ નું ચાલુ

હવે આ મહિનાના અંત સુધી ફિલ્મ પર ફરી એકવાર કામ શરૂ કરવામાં આવનાર છે. સુત્રોએ કહ્યુ છે કે જ્યારે રોનીએ ફિલ્મના ફોટોજ નિહાળ્યા ત્યારે તેમને ખુબ પસંદ પડ્યા હતા. જેથી રોનીએ પોતાના હાથમાં આ ફિલ્મ લેવાની જાહેરાત કરી દીધી છે. મળેલી માહિતી મુજબ રોની સ્કુવાલાએ ભુષણ કુમાર અને પ્રેરણાને ૧૪-૧૪ કરોડ રૂપિયા આપી દીધા છે. જ્યારે એકતા કપુરને આઠ કરોડ રૂપિયા પાછા આપી દીધા છે. હવે આ ફિલ્મ સંપૂર્ણ રીતે રોની અને અભિષેકના હાથમાં હોવાના હેવાલ મળી રહ્યા છે. બન્ને પોતાની રીતે હવે આ ફિલ્મને નવી દિશા આપી શકે છે. બીજી બાજુ રોનીએ અહેવાલને સમર્થન આપતા કહ્યુ છે કે કેદારનાથ એક ખુબ સારી લવ સ્ટોરી ફિલ્મ છે. જે વર્ષ ૨૦૧૩ના પુર બાદની વાસ્તવિક ઘટના પર આધારિત છે. આ ફિલ્મને આગામી વર્ષે શરૂઆત સુધી પૂર્ણ કરી લેવામાં આવનાર છે. ફિલ્મને વર્ષના અંત સુધી રજૂ કરવાની યોજના હતી પરંતુ હવે આગામી વર્ષે રજૂ કરવામાં આવનાર છે. ફિલ્મને લઈને સુશાંત અને સારા ભારે આશાવાદી છે. વ્યા બાદ ચાહકોમાં ઉત્સુકતા વધી ગઈ છે.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર** (કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૭૦૦-૪૦૨૦૦**
રૂપુ કાચું ૩૯૭૦૦-૪૦૨૦૦
સોનુ તોલો ૩૦૨૦૦-૩૧૬૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૨૧૦**
પામોલીન ૧૨૦૦
સોયા રીફાઈન ૧૪૦૦
રાયડાતેલ ૧૫કી.૧૪૬૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૭૦-૧૫૦૦**
સીંગતેલ ૧૫ લી.૧૩૮૦
**સીગતેલ ૫ લી. ૪૫૦-૪૬૨**
તિરૂપતી કપા. ૧૩૫૦
૫ લીટર ૪૬૦
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ ૪૬૫
**૧૫ લીટર સનફલાય ૧૩૧૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૦૦
૫ લી. ૪૦૫
૨ લી. ૧૬૭
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૪૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૪૫૦-૩૫૦૦**
**ખાંડ એમ. ૩૫૦૦**
ખાંડએલ. ૩૬૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૪૦૦
જીરાળુ ૧૫૦૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૧૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા. ૫૭૦
**પરચુરણ**
સોજી ૮૦૦
મેંદો ૭૮૦
શ્રીફળ એમ. ૧૪૨૫
નિરમા સાબ ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૨૦૦
ખાંડ બુરૂ ૩૫૦૦
કોકમ ફુલ ૧૫૦
એલચી ૯૦૦-૧૦૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૨૦૦-૩૦૦
સુકી ડુંગળી ૧૮૦-૨૮૦
લસણ ૫૦૦-૬૦૦
ધાણા ૫૦૦-૧૦૦૦
મરચાં ૫૦૦-૭૦૦
લીંબુ ૫૦૦-૬૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૫-૯૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૬૦૦-૭૦૦
**ભીંડા ૪૦૦-૫૦૦**
કોબી ૧૪૦-૧૬૦
વટાણા ૧૦૦૦-૧૪૦૦
ટીંડસા ૮૦૦-૧૦૦૦
ગવાર ૬૦૦-૧૦૦૦
બાદશાહ બટાકા ૪૪૦-૪૮૦
**સાંગા બટાકા ૨૪૦- ૨૬૦**
**દે.ગવાર ૧૨૦૦-૧૩૦૦**
**ચોળી ૧૫૦૦-૧૬૦૦**